ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યા વગર પરત મોકલવું.

આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ માર્ચ, ૨૦૧૨ના રોજ લેવાનારી મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ ખંડ - ૩ : પ્રશ્નપત્ર - ૨

જાન્યુઆરી, ૨૦૧૨ | સમય : બપોરે ૨ થી ૫ | કુલ ગુણ : ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**☞ પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ: તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ..........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..........................................................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧ (૮) | |
| | ૨ (૧૦) | |
| | ૩ (૮) | |
| | ૪ (૧૪) | |
| વિભાગ - ૧, કુલ ગુણ (૪૦) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૫ (૨૦) | |
| | ૬ (૨૦) | |
| વિભાગ - ૨, કુલ ગુણ (૪૦) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| વિભાગ - ૩, કુલ ગુણ | | |
| | ૭ (૨૦) | |

### ☞ નીચે દર્શાવેલી સૂચનાઓ વાંચવા ખાસ વિનંતી :-

૧. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૨. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૩. જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.

૪. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૫. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના કે પુરવણી જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.

૬. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૭. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.

૮. **પરીક્ષાખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી

..........................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

**વિભાગ - ૧ : 'સ્વામિનારાયણ વેદાંત પરિચય'ના આધારે**

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો.** **(૮ ગુણ)**

૧. આ તત્ત્વજ્ઞાન પ્રેય અને શ્રેયનું દ્યોતક, પરમપદનું દાતા છે.
૨. ભક્તિ અને શરણાગતિ
૩. ભગવાન સ્વામિનારાયણનું સમગ્ર જીવન ટૂંકમાં જણાવો.

( ) ☞ **આ પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રમાણે પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

..........

**પ્ર.૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો.** **(૧૦ ગુણ)**

૧. મુક્તિ
૨. ધામમાં અને આ લોકમાં સદા સાકાર અક્ષરબ્રહ્મ
૩. માયા-પ્રકૃતિ-જગત
૪. ઉપાસના એટલે શું ?

( ) ..........

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. ('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ' પુસ્તિકાને આધારે) (૮ ગુણ)**

પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. ('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પુસ્તિકાને આધારે) (૧૪ ગુણ)**

૧. પ્રાર્થના એટલે શું ? પ્રાર્થનાના લાભ જણાવો.

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

૨. આરતી : ભક્તિ પરંપરાનું એક અનુપમ અંગ

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ ભાગ-૪ અને ૫' નવી આવૃત્તિના આધારે**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર વિસ્તૃત નોંધ લખો. (૨૦ ગુણ)**

૧. દાદાખાચરની સમર્પણ નિષ્ઠા

૨. શ્રીજીમહારાજે કરેલી ગુજરાતની કાયાપલટ

૩. શ્રીહરિ ગરીબોના બેલી

( ) ..............................................................................................................................

..............................................................................................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

..................................................

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો.** (૨૦ ગુણ)

૧. ભૂજમાં પ્રતિષ્ઠા મહોત્સવ

૨. શિક્ષાપત્રી પ્રાદુર્ભાવ

૩. જૂનાગઢ મંદિર પ્રતિષ્ઠા પ્રસંગે શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રતિષ્ઠિત કરેલો મહિમા

૪. કારિયાણીમાં દીપોત્સવ

( ) ..................................................

..................................................

..................................................

..................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**વિભાગ - ૩ : નિબંધ (સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો.** **(૨૦ ગુણ)**

૧. વૈદિક શિક્ષણનું આચમન (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર-નવેમ્બર - ૨૦૦૯, ૪ થી ૯)

૨. આદિવાસી જીવન ઘડતરમાં પ્રમુખસ્વામી મહારાજ
(સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ-મે - ૨૦૧૧, ૧૬-૨૦, ૨૨-૨૫)

૩. યોગીજી મહારાજની દિવ્ય ગુણ સમૃદ્ધિ (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯, પા.નં. ૨૮ થી ૩૩, ૪૬ થી ૪૯)

( ) ..........................................................................................................

..........................................................................................................

☞ **પછીના પૃષ્ઠોમાં નિબંધ દર્શાવેલ છે.**

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**અગત્યની નોંધ :-**

**ઉપરોક્ત પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રમાણે પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

આગામી વર્ષે ૪ માર્ચ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2012ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી

**પ્રાજ્ઞ : ૩-૨**

૧. વૈદિક શિક્ષણનું આચમન (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોમ્બર-નવેમ્બર - ૨૦૦૯, ૪ થી ૯)

૨. આદિવાસી જીવન ઘડતરમાં પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - મે, જૂન- ૨૦૧૧ પા.નં. ૧૬ થી ૨૭)

૩. યોગીજી મહારાજની દિવ્ય ગુણ સમૃદ્ધિ (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯, પા.નં. ૨૮ થી ૩૩, ૪૬ થી ૪૯)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૨ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૨ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ 'સ્વામિનારાયણ પ્રકાશ'માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2012.

# શિક્ષણની સંપૂર્ણતાનો આવિષ્કાર
# તૈત્તિરીય ઉપનિષદ

સાધુ ભદ્રેશદાસ(પી.એચ.ડી., ષડ્‌દર્શનાચાર્ય)

'શિક્ષણ' એ ભારતવર્ષનો પુરાતન વારસો છે. વૈદિક અધ્યયન- અધ્યાપન પરંપરા તેનો શ્રેષ્ઠ પુરાવો છે. જેટલું અને જે પ્રકારનું શિક્ષણ ભારતવર્ષમાં થયું છે તે આશ્ચર્ય ઉપજાવે તેવું છે. વૈવિધ્ય અને વિપુલતા બંને તેને વરેલાં છે તે વૈદિક સાહિત્યનું મંથન કરતાં અનુભવાય છે. આ કરતાં પણ તેની સર્વોચ્ચ વિશેષતા તો એ છે કે આ શિક્ષણ વિકલાંગ નથી, સર્વાંગ સંપૂર્ણ છે. નિષ્ફળ કે અલ્પફલક નથી, પરંતુ સફળ અને અનંતફલક છે. કારણ તેમાં પ્રાણ પુરાયા છે, અધ્યાત્મવિદ્યાના! બ્રહ્મવિદ્યાના!

આવો, બ્રહ્મવિદ્યાથી રસબસ વૈદિક શિક્ષણનું આચમન કરીએ, આ તૈત્તિરીય ઉપનિષદના ચિંતન રૂપે.

## ■ તૈત્તિરીય ઉપનિષદ : પરિચય

આ ઉપનિષદ કૃષ્ણયજુર્વેદમાં સ્થાન ધરાવે છે. કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય નામની શાખામાં તૈત્તિરીય આરણ્યક અંતર્ગત આ ઉપનિષદનો પાઠ થાય છે. તેથી આ ઉપનિષદને પણ તૈત્તિરીય સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. તૈત્તિરીય ઉપનિષદ ત્રણ વિભાગોમાં વહેંચાયેલું છે. આ વિભાગોને અહીં 'વલ્લી' કહેવામાં આવે છે. તેમાં પ્રથમ શિક્ષાવલ્લી છે. બીજી આનંદવલ્લી અને ત્રીજી છે ભૃગુવલ્લી. આ ત્રણેય વલ્લીઓમાં ઉપદેશાયેલા મર્મને જાણીએ.

## ■ શિક્ષાવલ્લી -

### સર્વસુખમયતાની યાચના - शन्नो मित्रः शं वरुणः

તૈત્તિરીય ઉપનિષદનો પાઠ આરંભાય અને શિક્ષાવલ્લીનો નાદ સંભળાવા લાગે - 'शन्नो मित्रः शं वरुणः। शन्नो भवत्वर्यमा। शन्न इन्द्रो बृहस्पतिः। शन्नो विष्णुरुरुक्रमः।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) ઉપનિષદના ઉપદેષ્ટાએ ઉપદેશ કરતાં પહેલાં કરેલ શાન્તિપાઠના આ શબ્દો છે. સર્વત્ર સુખમયતાની, સર્વત્ર શાન્તિની એમાં યાચના છે. મિત્ર, વરુણ, અર્યમા, બૃહસ્પતિ વગેરે સૃષ્ટિસંચાલનમાં પરમાત્મા દ્વારા નિમાયેલા દેવતાઓ અમારા માટે સુખમય બને અને શાન્તિ વરસાવે એમ પ્રભુપ્રાર્થના કરી ઉપનિષદના આરંભમાં જ સકલ સૃષ્ટિનું હિત માગી લીધું છે. ભારતીય અધ્યાત્મ વિચારવૈભવની આ અદકેરી વિશેષતા છે. સર્વનાં સકલ દુઃખોનું નિવારણ, પરમસુખની અનુભૂતિ, પરમ શાન્તિની પ્રાપ્તિ એ જ આપણા ભારતવર્ષના ચિંતનની દિશા રહી છે.

હવે આ જ મંત્રમાં બીજી વાત જોઈએ.

## ■ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મને નમન - नमो ब्रह्मणे

'नमो ब्रह्मणे' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) 'બ્રહ્મને નમું છું.' ઉપદેષ્ટા ઋષિએ અહીં 'ब्रह्मणे' એવો એક જ શબ્દ પ્રયોજીને એક સાથે અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ એમ બે દિવ્ય તત્ત્વોને નમન કર્યું છે. કારણ આગળ જતાં આ જ ઉપનિષદમાં 'ब्रह्मविदाप्नोति परम्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧), 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) વગેરે વાક્યોમાં બ્રહ્મ શબ્દ પ્રયોજી અક્ષરબ્રહ્મની વાત કરી છે. તો સાથે સાથે 'आनन्दो ब्रह्मेति व्यजानात्' (તૈત્તિરીય ઉપનિષદ ૩/૬) વગેરે વાક્યોમાં બ્રહ્મ શબ્દ જ પ્રયોજી પરબ્રહ્મની પણ વાત કરી છે. આમ અક્ષરબ્રહ્મ તથા પરબ્રહ્મ એ બંને શબ્દોમાં સામાન્યપણે પ્રયોજાયેલા એક બ્રહ્મ શબ્દનો ઉપયોગ કરી ઋષિ એક સાથે એ બંને દિવ્ય સ્વરૂપોનું અનુસંધાન કરતા કહે છે 'नमो ब्रह्मणे' અક્ષર-પુરુષોત્તમને નમસ્કાર!

આ નમનનો હેતુ પણ સમજાય તેવો છે. ઉપનિષદ બ્રહ્મવિદ્યાનું શાસ્ત્ર છે. આ બ્રહ્મવિદ્યાનું લક્ષણ ઉપનિષદ પોતે જ સમજાવે છે. 'येनाऽक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्।' (મુંડક ઉપનિષદ ૧/૨/૧૩) જેના વડે અક્ષર કહેતાં અક્ષરબ્રહ્મનું અને પુરુષ કહેતાં પુરુષોત્તમનું તત્ત્વે કરીને જ્ઞાન થાય તેને બ્રહ્મવિદ્યા કહેવાય. તેથી જ આ તૈત્તિરીય ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતાં પહેલાં તે બ્રહ્મવિદ્યામાં સમાયેલાં બંને દિવ્ય તત્ત્વોને એક સાથે સ્મરણ કરી નમન કર્યું છે.

## ■ પ્રત્યક્ષભાવે સ્તુતિ - त्वमेव प्रत्यक्षं ब्रह्मासि

નમન પછી હવે સ્તુતિ કરે છે. 'त्वमेव प्रत्यक्षं ब्रह्मासि' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) અક્ષરબ્રહ્મ તથા પરબ્રહ્મની પ્રત્યક્ષતાનો પ્રગટતાનો અહીં નિર્દેશ છે. ગુણાતીત ગુરુમાં આવો પ્રત્યક્ષભાવ લાવી ઘૂંટવાનો હોય છે. ગુરુ પોતે અક્ષરબ્રહ્મ છે અને તેઓમાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ અખંડ રહ્યા છે તેથી આપ જ અમારા માટે પ્રગટ અક્ષરબ્રહ્મ અને પ્રગટ પરબ્રહ્મ છો એવા પરમ દિવ્યભાવે સહિત પ્રગટ ગુરુહરિનું સેવન કરવું એવો આ વાક્યનો મર્મ છે.

શિક્ષણ આપવા તત્પર ઋષિનો એક મહાન આચાર પણ આ શાન્તિપાઠમાં નિહાળવા મળે છે. તે હવે જોઈએ.

## ■ શિક્ષકે લીધાં સત્યનાં સોગંધ! - सत्यं वदिष्यामि

સત્યવાદિતા એ ઉપદેશકનો, અધ્યાપકનો, શિક્ષકનો પ્રથમ આવશ્યક ગુણ છે. 'ऋतं वदिष्यामि। सत्यं वदिष्यामि।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) 'હું સનાતન સિદ્ધાંતો કહીશ. સત્ય કહીશ. અર્થાત્ ખોટા સિદ્ધાંતો નહીં ભણાવું' એમ કહી અધ્યાપક ઋષિએ અહીં સત્યવાદિતાના સમ ખાધા છે. કારણ ઉપનિષદના ઋષિ અહીં ઉપદેષ્ટાના સ્થાને છે, અધ્યાપક છે, શિક્ષક છે. તેમણે ભણાવવાનું છે. ખોટું બોલવું તે પાપ છે. પણ ખોટું ભણાવવું તે તો મહાપાપ છે. વૈદિક ગુરુ-શિષ્ય સંવાદશાળાની આ વિશેષતા છે. તેમાં અધ્યાપક ગુરુઓ શિષ્યના જીવનમાં અને સમાજમાં પોતાનું સ્થાન સમજે છે. પોતાનું કર્તવ્ય સમજે છે. અસત્યતાથી કલંકિત શિક્ષણ શિષ્યના જીવનને કેટલું કલુષિત કરી શકે, સંપૂર્ણ સમાજના વાતાવરણમાં કેવું પરિણામ લાવી શકે તે વાતથી તેઓ જરાય અજાણ નથી.

વળી, સત્યવાદીએ સહનશીલ બનવું પડે, ક્યારેક સત્ય ઉચ્ચારણના વિપરીત પ્રત્યાઘાતો પણ ઝીલવા પડે તે પણ તેઓ જાણે છે. એટલે જ સમાજમાં આવા સહનશીલ સત્યના ઉપદેશકોની અખંડિત પરંપરાની આવશ્યકતા જાણીને અહીંનો અધ્યાપક ઋષિ પ્રાર્થી ઊઠે છે 'तन्मामवतु। तद्वक्तारमवतु। अवतु

माम्। अवतु वक्तारम्।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧) 'હે પ્રભુ! મને રક્ષો. વક્તાને, અધ્યાપકને રક્ષો.' આમ એક વ્યક્તિ તરીકે પોતાની રક્ષા યાચવાનો હેતુ પણ અંતે તો સમાજને જ્ઞાનવિજ્ઞાનથી સુસજ્જ રાખવાનો જ છે.

આ રીતે એક આદર્શ અધ્યાપકની કે શિક્ષકની અધ્યાપન કરાવતાં પહેલાં કેવી ભાવના હોવી જોઈએ તેનું દર્શન આ મંત્રમાં પ્રાપ્ત થાય છે.

■ **શિક્ષાનો વિશિષ્ટ અર્થ - शीक्षां व्याख्यास्यामः**

અહીં શિક્ષા એટલે દંડ નહીં, પરંતુ શિક્ષણ. તે પણ વિશિષ્ટ પ્રકારનું ! વેદોના અધ્યયનમાં ઉપયોગી એવું શિક્ષણ. આપણા વેદો વિજ્ઞાનનો મહાસાગર છે. સાચા વૈજ્ઞાનિક થવા તેનું ઊંડાણથી અધ્યયન કરવું પડે. અને એ અધ્યયન કરવા સર્વપ્રથમ તો તેને સાચવવા પડે.

આપણી પ્રાચીન પરંપરા અનુસાર વેદોને જેમ છે તેમ વ્યવસ્થિત સાચવવા માટે એક વિશિષ્ટ પદ્ધતિ અપનાવવામાં આવી છે. તે છે વ્યવસ્થિત ઉચ્ચારણ-અનૂચ્ચારણની પદ્ધતિ. આજથી હજારો વર્ષ પૂર્વે જ્યારે લેખન પદ્ધતિનો વિકાસ થયો ન હતો ત્યારે આપણે ત્યાં આ ઉચ્ચારણ-અનૂચ્ચારણની પાઠ પદ્ધતિ દ્વારા વેદને સાચવવામાં આવતા. અને આ સનાતન પરંપરાના ફળ રૂપે જ આજે આપણને વેદોનો વિશાળ મંત્રરાશિ જેમ છે તેમ પ્રાપ્ત થયો છે. આ ઉચ્ચારણ-અનૂચ્ચારણ પદ્ધતિનું છણાવટ સાથે નિરૂપણ કરતી વિદ્યા એટલે શિક્ષા. જેનું આ ઉપનિષદમાં નિરૂપણ છે. 'शीक्षां व्याख्यास्यामः' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૨) 'હવે અમે શિક્ષાની વ્યાખ્યા કરીએ છીએ.' એમ પ્રતિજ્ઞા કરીને તૈત્તિરીયના ઋષિ અહીં આ શિક્ષાશાસ્ત્રના મુખ્ય વિષયોને દર્શાવે છે - 'वर्णः स्वरः। मात्रा बलम्। साम सन्तानः। इत्युक्तः शीक्षाध्यायः।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૨) 'वर्णः' એટલે અક્ષર. અ, ઇ, ઉ, ઋ, વગેરે સ્વરો તથા ક, ખ, ગ, ઘ, વગેરે વ્યંજનોનો તેમાં સમાવેશ થાય છે. વેદમંત્રોનું યથાર્થ ઉચ્ચારણ થાય તે માટે શિક્ષાગ્રંથોમાં સર્વપ્રથમ તો ભાષામાં ઉચ્ચારાતા જે તે સ્વરો તથા વ્યંજનો આપણા કંઠ કે મુખના કયા ભાગમાંથી ઉદ્‌ભવે છે? કઈ રીતે ઉદ્‌ભવે છે અને તેનું સાચું ઉચ્ચારણ કયું કહેવાય? વગેરેનું જ્ઞાન આપવામાં આવે છે.

'स्वरः' એટલે સંગીત. વર્ણોના વ્યવસ્થિત ઉચ્ચારણની સાથે સાથે વેદમંત્રોમાં તેના ગાન માટે સ્વરોનું પણ અદ્‌ભુત આયોજન કરવામાં આવ્યું છે. આને જ સસ્વર વેદગાન કહેવામાં આવે છે.

'मात्रा' એટલે સમય. વેદમંત્રોમાં આવતા જે તે સ્વરોનું કેટલો સમય ઉચ્ચારણ કરવું તેનો નિર્ણય અહીં કરવામાં આવે છે. હ્રસ્વ, દીર્ઘ વગેરે માત્રાઓ ઉચ્ચારણના સમયને દર્શાવે છે.

'बलम्' એટલે મંત્રના અક્ષરોના ઉચ્ચારણમાં કરવામાં આવતી તાકાત.

'साम' એટલે વર્ણ ઉચ્ચારણની સમતા. તથા 'सन्तानः' એટલે મંત્રના શબ્દોનું ક્રમ પ્રમાણે ઉચ્ચારણ કરવાનું આયોજન, જેને સંહિતા પણ કહેવામાં આવે છે.

આમ, વૈદિક શિક્ષાગ્રંથોમાં ઉપર જણાવેલા વેદમંત્રોના ઉચ્ચારણમાં ધ્યાન રાખવા જેવી બાબતોનું ઊંડાણથી નિરૂપણ કરવામાં આવે છે.

અહીં એક જિજ્ઞાસા સહેજે જાગી ઊઠે કે વેદોના કેવળ ઉચ્ચારણ માટે જ આટલી બધી વ્યવસ્થાઓ શા માટે ? તો તેનું સમાધાન સમજી શકાય એવું છે. આપણા વેદો એ સામાન્ય પુસ્તકો નથી, પરંતુ દિવ્ય શાસ્ત્રો છે. આજથી હજારો વર્ષ પૂર્વે જ્યારે લખીને જ્ઞાનને સાચવવાની પદ્ધતિ અપનાવવામાં નહોતી આવી તે સમયમાં રહીને વિચારવાથી આ જિજ્ઞાસાનો ઉત્તર મળશે. વેદો એટલે સનાતન સિદ્ધાંતોનો વિશાળ નિધિ! તેનું એક એક વાક્ય એટલે સનાતન સિદ્ધાંતનું એક એક સૂત્ર છે. આ સિદ્ધાંતોને સાચવવા એટલે સર્વ પ્રથમ તો તેનું ઉચ્ચારણ જ બરાબર થવું જોઈએ એમ આપણા પૂર્વજોને ઉચિત લાગ્યું. કારણ સમગ્ર વેદ મંત્રરૂપે ઉચ્ચારવામાં આવતો. વેદના મંત્રો એટલે શબ્દોનો એક વિશિષ્ટ સમૂહ. અને શબ્દો એટલે વર્ણોનો-અક્ષરોનો સમૂહ. હવે જો વેદના શબ્દોના ઉચ્ચારણમાં કે ક્રમમાં જ ફેરફાર થઈ જાય તો સિદ્ધાંત જ નાશ પામે! તેથી વેદપાઠશાળાઓમાં વેદાધ્યયન કરવા ઇચ્છનાર વિદ્યાર્થીને પ્રથમ શિક્ષાનું જ્ઞાન આપવામાં આવતું.

આ રીતે તૈત્તિરીય ઉપનિષદમાં વેદ અધ્યયનને ઉપયોગી એવી શિક્ષાનું સુંદર નિદર્શન કરવામાં આવ્યું છે. તેથી જ ઉપનિષદના આ ભાગને શિક્ષાવલ્લી કહેવામાં આવે છે.

હવે આ જ શિક્ષાવલ્લીમાં આવતી બીજી વિશેષ વાતને જાણીએ.

■ **શિક્ષણનો મહિમા - स्वाध्यायप्रवचने च**

જ્યાં શિક્ષણ છે ત્યાં પ્રગતિ છે. ઉન્નતિ છે. જ્યાં શિક્ષણ નથી હોતું ત્યાં પ્રગતિ ન હોય, અધોગતિ હોય અને તે સમાજને દુઃખનો સામનો કરવો પડે. એટલે જ આપણે ત્યાં વૈદિક પરંપરાથી જ શિક્ષણની સતત પ્રેરણાઓ અપાતી રહી છે. આ ઉપનિષદમાં એ જોવા મળે છે. મંત્રના શબ્દો છે - 'ऋतं च स्वाध्यायप्रवचने च। सत्यं च स्वाध्यायप्रवचने च। तपश्च स्वाध्यायप्रवचने च। दमश्च स्वाध्यायप्रवचने च।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૭) વગેરે.. 'स्वाध्याय' એટલે અધ્યયન, ભણવું. અને 'प्रवचन' એટલે અધ્યાપન, ભણાવવું. આમ ભણવું અને ભણાવવું એ તો આપણે ત્યાં શાસ્ત્રનો આદેશ છે. આ અદકેરા વારસાને આપણે જાળવી રાખવો જોઈએ.

■ **દીક્ષાંત પ્રવચન - आचार्यः अन्तेवासिनम् अनुशास्ति**

પદવીદાન સમારંભોની પરિપાટી ભારતવર્ષમાં વૈદિક પરંપરાથી ચાલી આવે છે. શિક્ષાવલ્લીના ૧૧મા પ્રકરણ પર (અનુવાક પર) દૃષ્ટિ પડતાં સહેજે જ તે પરિપાટીનું સ્મરણ થઈ આવે છે. ભારતવર્ષની વૈદિક અધ્યયન પરંપરા મુજબ વિદ્યાર્થી આશ્રમજીવન સ્વીકારી ગુરુકુળવાસ કરે. નિર્ધારિત વર્ષો સુધી વિવિધ વિદ્યાઓમાં નિષ્ણાત આચાર્યો પાસે અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રોમાં નિપુણતા મેળવે. વિદ્યાભ્યાસ પૂરો થતાં આશ્રમમાં જ તે નિષ્ણાત વિદ્યાર્થીઓનો પદવીદાન સમારંભ યોજાય. આચાર્ય પોતે જ વિવિધ વિષયોમાં અધ્યયન પૂર્ણ કરી ઉત્તીર્ણ થઈ ચૂકેલા યુવાનોને વિવિધ પદવીઓથી વિભૂષિત કરી તેની વિધિસર જાહેરાત કરે. આ પદવીદાન સમારંભ એટલે વિદ્યાર્થીઓનો આશ્રમજીવનનો અંતિમ વર્ગ! આજ પછી આ નિષ્ણાતો ગુરુકુળવાસનો ત્યાગ કરી સ્વ અને સર્વના ઉત્કર્ષ માટે સમાજમાં પગલાં માંડશે. એક નવા જીવનનો આરંભ કરશે. તેથી આચાર્ય પણ પોતાના વહાલા આ વિદ્યાર્થીઓને સ્નેહભરેલાં ઉપદેશવચનો સંભળાવે. આ ઉપદેશવચનો એ જ દીક્ષાંત પ્રવચન! તેમાં સમગ્ર શિક્ષણનો સાર સમાયેલો હોય છે. આવો, એ ઉદાત્ત ભાવનામય દીક્ષાંત

પ્રવચનના બોધને જાણીએ.

'वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) વેદોનું અધ્યયન પૂર્ણ થતાં આચાર્ય અંતેવાસી એવા વિદ્યાર્થીઓનું અનુશાસન કરે છે. તેઓને આજ્ઞાવચનો કહે છે - 'सत्यं वद। धर्मं चर। स्वाध्यायान् मा प्रमदः।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) 'સાચું બોલજે. ધર્મનું આચરણ કરજે. અભ્યાસમાં આળસ ન કરીશ.' 'मातृदेवो भव। पितृदेवो भव। आचार्यदेवो भव। अतिथिदेवो भव।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) 'માતાને દેવસમાન જાણજે. (દેવભાવે તેમની સેવા કરજે. રાજી કરજે.) પિતાને દેવસમાન જાણજે. આચાર્યને દેવસમાન જાણજે. અતિથિને દેવસમાન જાણજે.' 'यान्यनवद्यानि कर्माणि। तानि सेवितव्यानि। नो इतराणि।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) હે શિષ્ય! હવે પછી લોક અને શાસ્ત્રમાં મળતાં આવતાં હોય, નિર્દિષ્ટ હોય, તેવાં જ કર્મો તું કરજે. તેથી અવળાં, દોષયુક્ત કે નિંદિત કર્મો ન કરીશ. 'यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि। नो इतराणि। ये के चास्मच्छ्रेयांसो ब्राह्मणाः। तेषां त्वयाऽऽसनेन प्रश्वसितव्यम्।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) વળી, 'અમારાં આચરણોમાંથી પણ જે સારાં હોય તેનું જ અનુસરણ કરજે. બીજાં નહિ. અને અહીંથી બીજે ગયા પછી ત્યાં પણ જો અમારા કરતાં પણ કોઈ શ્રેષ્ઠ અધ્યાપક મળે તો તેમનો તું આદર કરજે. તેમને આસન આપી સત્કારજે.' આ રીતે સાચા જીવનનું અનુપમ શિક્ષણ આપી છેલ્લે આચાર્ય કહે છે - 'एष आदेशः। एष उपदेशः। एतदनुशासनम्। एवमुपासितव्यम्।' (તૈત્તિરીય ઉપનિષદ ૧/૧૧) 'વત્સ, આ જ અમારો દીક્ષાંત આદેશ છે. ઉપદેશ છે. આ જ અનુશાસન છે. જાવ, આ પ્રમાણે હવે વર્તજો.'

આ રીતે દીક્ષાંત પ્રવચન પૂરું થતાં પુનઃ શાન્તિપાઠ કરી શિક્ષાવલ્લીનું સમાપન કરવામાં આવે છે.

આમ શિક્ષાવલ્લીમાં ભારતવર્ષની અતિ ઉન્નત જીવનદૃષ્ટિ અને શિક્ષણની વિચારસમૃદ્ધ ફિલસૂફીનાં દર્શન થાય છે.

શિક્ષાવલ્લી પછી આ ઉપનિષદમાં આનંદવલ્લીમાં અધ્યાત્મનું - બ્રહ્મવિદ્યાનું શિક્ષણ પ્રાપ્ત થાય છે. આવો એનો આસ્વાદ માણીએ.

•

### ■ આનંદવલ્લી : બ્રહ્મજ્ઞાનીને પરબ્રહ્મની પ્રાપ્તિનું વરદાન - ब्रह्मविदाप्नोति परम्

આનંદવલ્લી ઊઘડે ને પહેલા ઉદ્ગારમાં જ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત ગુંજી ઊઠે - 'ॐ ब्रह्मविद् आप्नोति परम्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) જે 'ब्रह्म' અર્થાત્ અક્ષરબ્રહ્મને જાણે તે 'परम्' અર્થાત્ પરબ્રહ્મને પામે. અક્ષરબ્રહ્મને જાણવા એટલે તેની માહિતી નહીં, પરંતુ સાક્ષાત્કાર. બ્રહ્મરૂપ થવું. અક્ષરરૂપ થવું. માટે જે બ્રહ્મરૂપ થાય તેને પરબ્રહ્મ પ્રાપ્તિનું અહીં વરદાન છે. 'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति। समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्॥' (ગીતા ૧૮/૭૪) એમ ગીતામાં અર્જુનને પણ આ જ વાત સમજાવવામાં આવી છે. એટલે જ ભગવાન સ્વામિનારાયણે પણ આ જ સિદ્ધાંતને દૃઢાવતાં કહ્યું કે જે બ્રહ્મરૂપ થાય તેને જ ભગવાનની ભક્તિનો અધિકાર છે. (વચનામૃત લોયા પ્રકરણ - ૭) વળી, 'આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થાવું; ને બીજું ભગવાનમાં જોડાવું.' (સ્વામીની વાતો ૪/૧૦૧) એમ કહીને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ તો આ સિદ્ધાંતને જ જીવનનું પરમ ધ્યેય ગણાવ્યું છે.

આ રીતે 'ब्रह्मविद् आप्नोति परम्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) એમ કહીને સમગ્ર બ્રહ્મવિદ્યાને જાણે અહીં સૂત્રરૂપે મૂકી દીધી છે.

### ■ બ્રહ્મના સ્વરૂપની ઓળખાણ - सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म

પરબ્રહ્મને પામવા અક્ષરબ્રહ્મને જાણવું અનિવાર્ય છે તેમ કહીને ઉપનિષદ અટક્યું નથી. તે અક્ષરબ્રહ્મનું જ્ઞાન સુગમતાથી થાય તે માટે અહીં અક્ષરબ્રહ્મના દિવ્ય સ્વરૂપનો પરિચય પણ કરાવ્યો છે. ઉપનિષદ કહે છે : 'सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) અક્ષરબ્રહ્મ 'सत्यम्' છે. અર્થાત્ તેમનું સ્વરૂપ તથા ગુણો વગેરે કોઈ પણ પ્રકારના વિકાર પામ્યા વિના સદાય અસ્તિત્વ ધરાવે છે. અક્ષરબ્રહ્મ 'ज्ञानम्' છે. અર્થાત્ માયાના આવરણથી સદાય નિર્લેપ પરિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. એટલે જ તો 'प्रज्ञानं ब्रह्म' (ઐતરેય ઉપનિષદ ૩/૨) કહીને ઐતરેય ઉપનિષદ આ અક્ષરબ્રહ્મની કીર્તિ ગાય છે. અક્ષરબ્રહ્મ 'अनन्तम्' છે. અંત એટલે વિનાશ. વિનાશ વિનાનું એટલે અનંત, અવિનાશી. વળી, અંત એટલે સીમા. અનંત એટલે સીમા રહિત. અક્ષરબ્રહ્મ અંતર્યામીશક્તિએ કરીને સર્વત્ર વ્યાપેલું છે તેથી તે અનંત છે.

આમ, અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજાવ્યું. હવે આ રીતે અક્ષરબ્રહ્મને સમજનારને કેવું ફળ મળે તે જણાવે છે.

### ■ બ્રહ્મ સાથે પરબ્રહ્મના સુખનું પાન - सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा

'सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितेति' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) અક્ષરબ્રહ્મ જેવું પરમાત્માનું પરમ સુખ ભોગવે છે તેવું જ પરમ સુખ તે બ્રહ્મનો સાક્ષાત્કાર પામનાર બ્રહ્મરૂપ ભક્ત પણ એ અક્ષરબ્રહ્મ સાથે અક્ષરધામમાં સદાય ભોગવતો રહે છે એમ આ મંત્રનો ભાવાર્થ છે.

હવે જો તે બ્રહ્મને ન જાણે તો શું થાય તે પણ આ ઉપનિષદમાં જણાવ્યું છે. 'असन्नेव स भवति। असद् ब्रह्मेति वेद चेत्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૬) અર્થાત્ જે આ અક્ષરબ્રહ્મને અસદ્ જાણે, અક્ષરબ્રહ્મ તત્ત્વના અસ્તિત્વને ન જાણે તો તે તેનું પોતાનું જ અસ્તિત્વ ગુમાવી બેઠો છે.

આ રીતે પરબ્રહ્મ પ્રાપ્તિમાં ઉપયોગી એવા બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ માટે અક્ષરબ્રહ્મ તત્ત્વનું નિરૂપણ કર્યું. હવે આવા બ્રહ્મજ્ઞાની ભક્તને પ્રાપ્ત થનાર પરમાત્માનું સ્વરૂપ કેવું હોય તે પણ અહીં દર્શાવ્યું છે. તે જોઈએ.

### ■ પરમાત્મા આનંદમય રસમૂર્તિ - आनन्दमयः। रसो वै सः

પરમાત્માનો અહીં પરમ આનંદમય રસમૂર્તિ રૂપે મહિમા ગવાયો છે. 'तस्माद्वा एतस्माद् विज्ञानमयाद्। अन्योऽन्तर आत्मा आनन्दमयः' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૫) વિજ્ઞાનમય શબ્દથી આ મંત્રમાં આત્માને કહ્યો છે. વિજ્ઞાનમય એવા એ આત્માની અંદર પણ પોતાની અંતર્યામીશક્તિથી વ્યાપેલા અને એ આત્માના પણ આત્મા એવા પરમાત્મા પરબ્રહ્મ આનંદમય છે. 'रसो वै सः' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૭) એ પરમાત્મા આનંદમય રસમૂર્તિ છે. એટલું જ નહીં પરંતુ, 'रसं ह्येव लब्ध्वाऽऽनन्दी भवति। एष ह्येवाऽऽनन्दयाति' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૭) એમ કહીને આ આનંદરસમૂર્તિ પરમાત્મા જ સર્વના આનંદનું કારણ છે. તેઓને પામીને જ જીવપ્રાણીમાત્ર આનંદ પ્રાપ્ત કરે છે. તેઓ જ સૌને આનંદ કરાવે છે એમ સમજાવ્યું છે.

શું જે આનંદરસઘનમૂર્તિ છે, જે સર્વના આનંદનું કારણ છે, તે પરમાત્માના આનંદનું વર્ણન થઈ શકે? એ આનંદ કેવો છે? કેટલો છે? તે અંગે પણ અહીં મીમાંસા કરી છે, વિચાર કર્યો છે. તે હવે જાણીએ.

## ■ પરમ આનંદની મીમાંસા - सैषाऽऽनन्दस्य मीमांसा भवति

'सैषाऽऽनन्दस्य मीमांसा भवति' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) હવે પરમાત્માના આનંદની મીમાંસા થાય છે, એમ કહીને અહીં મનુષ્યના એક આનંદને માપદંડ તરીકે પ્રસ્તુત કરી તેના આધારે પરમાત્માના આનંદને મૂલવવા પ્રયત્ન કર્યો છે અને તારણ પણ કાઢ્યું છે.

મનુષ્યના એક આનંદની વ્યાખ્યા કરતાં ઉપનિષદ કહે છે - 'युवा स्यात् साधु युवाध्यायकः। आशिष्ठो दृढिष्ठो बलिष्ठः। तस्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात्। स एको मानुष आनन्दः।' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) અર્થાત્ યુવાન વય હોય, સાધુસ્વભાવ હોય, ભણાવી શકે એવી બુદ્ધિપ્રતિભાથી સંપન્ન હોય, આશાવાન હોય, નિરાશ ન હોય, બધું જ જમી શકે અને પચાવી શકે એવો નીરોગી હોય, મજબૂત શરીરવાળો હોય, એવું જ મજબૂત મનોબળ ધરાવતો હોય, એટલું જ નહીં આ સમગ્ર પૃથ્વી ધનથી ભરેલી હોય અને તે તેની હોય અર્થાત્ તે સમગ્ર પૃથ્વીનો સમ્રાટ હોય. આ બધું જ એક જ વ્યક્તિમાં ભેગું થાય ત્યારે તેને મનુષ્યનો એક આનંદ કહેવાય. ત્યાર પછી અહીં કહે છે, 'ते ये शतं मानुषा आनन्दाः। स एको मनुष्यगन्धर्वाणाम् आनन्दः।' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) મનુષ્યના એવા સો આનંદ ભેગા કરીએ ત્યારે તે તો મનુષ્યગંધર્વનો એક જ આનંદ થાય. આ રીતે મનુષ્યગંધર્વ પછી દેવગંધર્વ, પિતૃઓ, આજાનજ નામના દેવો, કર્મદેવો, અન્ય દેવો, ઇંદ્ર, બૃહસ્પતિ, તથા પ્રજાપતિનો નિર્દેશ કર્યો. અને તે સર્વેના આનંદને તેમની પૂર્વે કહેલા દેવોના આનંદ કરતા સો ઘણો દર્શાવ્યો.

અને ત્યાર પછી કહ્યું - 'ते ये शतं प्रजापतेरानन्दाः। स एको ब्रह्मण आनन्दः।' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) એ પ્રજાપતિના સો આનંદ ભેગા કરીએ ત્યારે અક્ષરબ્રહ્મનો એક આનંદ કહેવાય. આમ તો 'अनन्तं ब्रह्म' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) એમ કહી અહીં આ અક્ષરબ્રહ્મના ગુણ ઐશ્વર્ય વગેરેની અનંતતા દર્શાવી છે. તેથી તેમનો આનંદ પણ અનંત જ હોય. તેમ છતાં પરમાત્માનો સર્વોત્કૃષ્ટ મહિમા સમજાવવા બ્રહ્મનો એક આનંદ એમ કહી મદદમાત્ર લીધી છે.

આ રીતે મનુષ્યથી લઈને અક્ષરબ્રહ્મ સુધી એક એકથી સો ઘણા ચઢિયાતા આનંદનો નિર્દેશ કરીને અંતે પરમાત્માના આનંદ માટે તો એવું તારણ મૂકી દીધું કે 'यतो वाचो निवर्तन्ते। अप्राप्य मनसा सह' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૯) પરમાત્માના આનંદની તો વાત જ થાય તેમ નથી. ત્યાં તો વાણી પણ પાછી પડે. મન પણ પાછું પડે, કહેતાં પરમાત્માનો આનંદ તો અપાર, અતિ અપાર અને અતિ અતિ અપાર છે. તેનો તાગ કોઈ કાઢી ન શકે. આવો અનંત આનંદ તેઓ સદાય ભોગવે છે. સહજ ભોગવે છે. એટલે કે તેઓ અનંતાનંદ છે, સહજાનંદ છે.

આ રીતે દ્વિતીય વલ્લીમાં પરમાત્માના પરમ આનંદમય સ્વરૂપનો તથા તેમના અનંત દિવ્ય આનંદનો સુંદર અને સુગમ ઉપદેશ કર્યો હોવાથી તૈત્તિરીય ઉપનિષદની આ વલ્લીને આનંદવલ્લી કહેવામાં આવે છે.

આવા પરમ આનંદમય પરમાત્માનું સામર્થ્ય કેવું છે તે પણ અહીં દર્શાવ્યું છે. તે હવે જાણીએ.

## ■ આનંદસ્વરૂપ એ જ સર્વ સ્રષ્ટા - इदं सर्वम् असृजत

सोऽकामयत। बहु स्यां प्रजायेय। स तपस्तस्तप्त्वा। इदं सर्वमसृजत। तत्सृष्ट्वा। तदेवानुप्राविशत्। (તૈત્તિરીય ઉપનિષદ ૨/૬) એ પરમાનંદમય પરમાત્માએ સૃષ્ટિ રચવાનો સંકલ્પ કર્યો. અને એ સંકલ્પ પ્રમાણે તેમણે આ બધું સર્જન કર્યું. અને તે સૃષ્ટિમાં પોતે અનુપ્રવેશ કર્યો, કહેતાં તેના નિયામક, આધાર થઈને રહ્યા. આ રીતે આનંદસ્વરૂપ પરમાત્મા જ સકળ જગતના કર્તા, નિયામક અને આધાર છે તે જણાવ્યું. વળી 'भीषास्माद् वातः पवते। भीषोदेति सूर्यः। भीषास्माद् अग्निश्चेन्द्रश्च। मृत्युर्धावति पञ्चम इति' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) અર્થાત્ એ આનંદસ્વરૂપ પરમાત્માના ભયથી વાયુ વાય છે, સૂર્ય ઉદિત થાય છે, અગ્નિ તથા ઇંદ્ર વગેરે દેવતાઓ આજ્ઞામાં વર્તે છે. અને મૃત્યુ પણ તેમની જ આજ્ઞાથી પ્રવૃત્ત થાય છે. એમ કહીને પરમાનંદમય પરમાત્માની પરમ સત્તાનું પ્રતિપાદન કર્યું છે.

## ■ ફળ - આનંદમયની પ્રાપ્તિ - आनन्दमयम् उपसंक्रामति

આ રીતે આ આનંદવલ્લીમાં 'ब्रह्मविद् आप्नोति परम्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૧) 'જે અક્ષરબ્રહ્મને જાણે, કહેતાં બ્રહ્મરૂપ થાય તે પરબ્રહ્મને પામે.' એમ ઉપદેશનો પ્રારંભ કરીને બ્રહ્મજ્ઞાનને સુગમ કરવા અક્ષરબ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કર્યું. અને ત્યારબાદ એ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખી બ્રહ્મરૂપ થયેલા ભક્તને જે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે પરમાત્માનું સ્વરૂપ પણ આનંદમય રસઘનમૂર્તિરૂપે વર્ણવ્યું. હવે અંતમાં ઉપસંહાર કરતા આ ઉપદેશને જે યથાર્થ રીતે સમજે તેને કેવું ફળ મળે તે દર્શાવી સમાપન કરે છે - 'स य एवं वित्' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) 'જે મનુષ્ય આ રીતે અહીં સુધી જે જે ઉપદેશ કર્યો તેને તે જ પ્રમાણે સમજે તો તે સમજનાર મનુષ્ય પોતે પણ બ્રહ્મરૂપ થઈ 'आनन्दमयम् आत्मानम् उपसंक्रामति' (તૈત્તિરીય ઉપનિષદ ૨/૮) 'પરમાનંદમય પરમાત્માને પામે - પરમ આનંદનો ભોગી બને.'

આ રીતે તૈત્તિરીય ઉપનિષદમાં આવેલા આનંદવલ્લીના મર્મને જાણ્યો. હવે ત્રીજી ભૃગુવલ્લીના સારને જાણીએ.

•

## ■ ભૃગુવલ્લી

વરુણ નામના ઋષિ પાસે ભૃગુ નામનો તેમનો પુત્ર 'अधीहि भगवः' (તૈત્તિરીય ઉપનિષદ ૩/૧) 'ભગવન્! મને અધ્યાત્મવિદ્યા ભણાવો.' એમ કહી શિષ્યત્વ સ્વીકારે છે. ત્યારે પિતા વરુણ પણ પ્રસન્ન થઈ પુત્ર-શિષ્ય ભૃગુને અધ્યાત્મજ્ઞાન પીરસે છે. આમ તૈત્તિરીય ઉપનિષદના આ ભાગના ઉપદેશનો શ્રોતા ભૃગુ છે તેથી આ ભાગને ભૃગુવલ્લી કહેવામાં આવે છે. વળી, પિતા વરુણે આ જ્ઞાન પોતાના પુત્ર ભૃગુને આપ્યું છે તેથી 'सैषा भार्गवी वारुणी विद्या' (તૈત્તિરીય ઉપનિષદ ૩/૬) આ વિદ્યા ભાર્ગવી વિદ્યા તથા વારુણી વિદ્યા તરીકે પણ પ્રસિદ્ધિ પામી છે.

## ■ આનંદમય ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયના કર્તા - आनन्देन जातानि जीवन्ति

આ પહેલાં આનંદવલ્લીમાં પરમાત્માને આનંદમય કહ્યા અને જગતના કર્તા-હર્તા તે આનંદમય પરમાત્મા જ છે એમ ઉપદેશ કર્યો. હવે આ ભૃગુવલ્લીમાં જરા જુદી રીતે પણ તે જ ઉપદેશ ફરી કરવામાં આવ્યો છે. જેમ કે આ વલ્લીના આરંભમાં જ પિતા વરુણ અધ્યાત્મવિદ્યા ભણવા આવેલા પુત્ર ભૃગુને કહે છે - 'यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति। यत्प्रयन्त्यभिसं-विशन्ति। तद्विजिज्ञासस्व' (તૈત્તિરીય ઉપનિષદ ૩/૧) 'જેને લઈને આ

જીવપ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે. જેને લઈને તે બધું જીવિત રહે છે, ટકી રહે છે. વળી, પ્રલય થતાં જેમાં એ બધું પાછું સમાઈ જાય છે. તેને તારે જાણવા જોઈએ.' એમ કહીને પોતે જ તે કોણ છે તે જણાવતાં કહે છે - 'आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते। आनन्देन जातानि जीवन्ति। आनन्दं प्रयन्त्यभिसंविशन्तीति' (તૈત્તિરીય ઉપનિષદ ૩/૬) 'ખરેખર! આનંદમય પરમાત્માથી જ આ બધું ઉત્પન્ન થાય છે. આનંદમય પરમાત્માથી જ ઉત્પન્ન થયેલું બધું જીવિત રહે છે, ટકી રહે છે. અને અંતે પ્રલય પણ એ આનંદમય પરમાત્મા થકી જ થાય છે. કહેતાં જગતની ઉત્પત્તિ-સ્થિતિ તથા પ્રલયના કર્તા આનંદમય પરમાત્મા જ છે.

આ રીતે ભૃગુવલ્લીનો મુખ્ય વિષય આનંદમય પરમાત્મા જ રહ્યો છે.

### ■ ઉપસંહાર

આમ આ તૈત્તિરીય ઉપનિષદનો ટૂંકસાર જાણ્યો. અહીં એટલું તો અવશ્ય સમજાય છે કે આપણું વૈદિક શિક્ષણ કેવળ લૌકિક આવડતો પૂરતું મર્યાદિત નથી. શિક્ષણની દરેકે દરેક શાખામાં તે અધ્યાત્મવિદ્યાને ભેળવે છે. બ્રહ્મવિદ્યાને ભેળવે છે. અને જે શિક્ષણ પોતામાં બ્રહ્મવિદ્યાને સમાવતું હોય તો તે અવશ્ય સર્વજીવહિતાવહ જ હોય, સર્વમંગલમય જ હોય, પરમ આનંદમય જ હોય. ખરેખર! યજુર્વેદમાં સમાયેલું આ તૈત્તિરીય ઉપનિષદ તેનો એક સુંદર દાખલો છે. અસ્તુ. ◆

# આદિવાસીઓનાં ગામડે ગામડે ઘૂમીને પ્રમુખસ્વામી મહારાજે પ્રસરાવી છે...

# સત્સંગની સુવાસ

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થતાં જ ઢિબાંગ ઢિબાંગ... ઢબૂકતા ઢોલના તાલે, તીરકામઠાં લઈને નાચતા કૂદતા આ ગિરિજનો-આદિવાસીઓને શું લાધે છે ? એમનાં મોં પર શાનો હરખ નીતરી રહે છે ? એમની નસેનસમાં લોહીની થિરકતી તેજ ગતિ, એમનાં હાથપગ ને ગરદનને નૃત્ય કરવા કેમ પ્રેરે છે ? ગુજરાતની પૂર્વ પટ્ટીએ ઉત્તર-દક્ષિણ આદિવાસી પ્રાંતમાં પ્રમુખસ્વામી મહારાજનું સાંનિધ્ય માત્ર હજારો આદિવાસીબંધુઓને નવું ચેતન, નવું જોમ આપી દે છે. વનફૂલો અને પર્ણોથી શણગારેલાં ગામડાંઓ સહજતાથી મંગળ વાતાવરણનો ઉલ્લાસ વ્યક્ત કરે છે. કારણ કે, આ વિશ્વવંદનીય સંતવિભૂતિએ છેલ્લાં ચાર ચાર દાયકાઓથી આ આદિવાસીઓનાં ઝૂંપડે ઝૂંપડે જઈને એમનાં જીવનમાં અજવાળાં પાથર્યાં છે. પોતાના સ્વાસ્થ્યની પરવાહ કર્યા સિવાય સ્વામીશ્રીએ આ વનવાસી અને ગિરિવાસી બંધુઓના ગૌરવને, સુખ અને સમૃદ્ધિને ઉન્નત કર્યાં છે. ભર ઉનાળામાં વસંતના વાયરાની જેમ તેઓ અંતરિયાળ ગામોમાં સ્નેહ વરસાવતાં ઘૂમી વળ્યા. પંચમહાલ જિલ્લાના કંબોઈ, દાદરાનગર હવેલીના રાંધા, ડાંગ જિલ્લાના જામલાપાડા કે સાબરકાંઠાના પોશીના જેવા ડુંગરાળ અને અંતરિયાળ ગામોમાં પહોંચીને સ્વામીશ્રીએ પોતાની આધ્યાત્મિકતાનો જે કરિશ્મા પાથર્યો છે, તેનું શબ્દોમાં વર્ણન અસંભવિત છે. સ્વામીશ્રીના સત્સંગથી એ આદિવાસી બંધુઓને શું લાધ્યું છે ? એની કલ્પના પણ કેવી રોમાંચક છે. ઝૂંપડીમાં તૂટેલી પાંગતવાળી ખાટ અને ફાટેલી ગોદડી ઉપર બિરાજીને અડદના ઢેબરાને આરોગતા સ્વામીશ્રીના મુખ ઉપરની તૃપ્તિ અને કંબોઈમાં શના ભોદુની અંધારી ઝૂંપડીમાં એનું આતિથ્ય માણતા સ્વામીશ્રીને જેણે જોયા હશે એને ઉપરના શબ્દોનો મર્મ સમજતાં વાર નહિ લાગે. આ કરુણાની છાલક એવાં અંતરિયાળ ગામોને લાગે છે કે આજે ત્યાં વહેમ ને વ્યસનના કલુષો ધોવાઈને સત્સંગ, સદાચાર અને પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાનાં ઉપવનો લહેરાયાં છે. જ્યાં જીવનના કેન્દ્રમાં તાડી ને દારૂ-માટી હતાં એને બદલે એ જ આદિવાસીઓના કેન્દ્રમાં ભગવાન આવી ગયા છે. સ્વામીશ્રીના આ પ્રેમ-પરિશ્રમના એક એક બુંદ વડે આજે આ પ્રદેશમાં સુખ, સમૃદ્ધિ, શાંતિનાં ફળો લચી રહ્યાં છે.

૧૯૭૨થી આદિવાસી વિસ્તારોમાં ઘૂમતા સ્વામીશ્રીએ આજ સુધીમાં કુલ ૬૩ વખત આદિવાસી પ્રદેશની યાત્રા કરી છે. અહીં પ્રસ્તુત છે એ આદિવાસી ગામડાંઓમાં તેઓના વિચરણની સ્મૃતિછબીઓ. કેવા સંજોગોમાં સ્વામીશ્રીએ વિચરણ કર્યું છે તે સમજવા આ છબિઓ એક ભૂમિકા પૂરી પાડે છે. અને સાથે સાથે સ્વામીશ્રી અને સંતોના સત્સંગ-વિચરણના પ્રતાપે કેવું આમૂલ જીવનપરિવર્તન થાય છે, તેની ઝલકરૂપે પંચમહાલ-દાહોદ પ્રદેશના થોડા હરિભક્તોની એક ગાથા પણ પ્રસ્તુત છે. અલબત્ત, ગુજરાતના દરેક પ્રાંતની આવી વિસ્તૃત ગાથા લખાય તો એક એન્સાઈક્લોપીડિયા જેવો ગ્રંથ પણ ઓછો પડે તેવું આ વિરાટ કાર્ય છે. ગોધરાના બી.એ.પી.એસ. મંદિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષ્યે અહીં માત્ર પંચમહાલ-દાહોદનાં જીવનપરિવર્તનોને માણીશું.

પંચમહાલ પ્રદેશના ભીરુ વનવાસીઓ બારબીજ, ક્યૂંબર, સિદ્ધરાજ ઘોળજો, ખોફાંજો, વગાજો, હારદરજો, મનાતો, મોબીન્દ, ઓખા, કાળકા, સુદાઈ, ઝાફરી જેવાં અનેક દેવી-દેવતાઓને પૂજે છે. આ દેવો ગામની ભાગોળે વડ, પીપળ, મહુડા કે આંબલી જેવા ઝાડ પર અથવા તો કોઈ ડુંગર પર નિવાસ કરતા હશે એવી એમની દૃઢ માન્યતા. વનવાસીઓ વર્ષમાં બે-ત્રણ વખત પોતાની બાધાઓ પૂરી કરવા કે ધાર્મિક વિધિઓ કરવા માટે દેવોના આ નિવાસસ્થાનની મુલાકાત લે. અંધશ્રદ્ધા અને વહેમની ચુંગાલમાં ફસાયેલી આ પ્રજા ઘરમાં જરાક કોઈક બીમાર પડે કે ઢોરઢાંખરને કોઈક રોગ થાય તો તેને દેવનો પ્રકોપ જ સમજે.

બડવા(ભૂવા) પર તેમને સૌથી વધુ વિશ્વાસ. બીમાર માણસ પરથી મકાઈ અથવા તો અડદના દાણા ઉતારી તે દાણા બડવાને બતાવે. દાણા જોઈ બડવો પોતાને સૂઝે તે મુજબનો અભિપ્રાય આપી દુઃખ દૂર કરવા માટે ભાતભાતની માનતાઓ આપે અને તે માનતાઓ પૂરી થાય તે માટે જુદી જુદી વિધિઓ કરાવે. આ વિધિઓમાં બુન્દરુ, જાતર અને એન્દરની રાડું (ઈન્દ્રરાજની રાડું) એ ત્રણ વિધિઓ મુખ્ય છે. ભોળી વનવાસી પ્રજા આ વિધિમાં શ્રદ્ધાભેર જોડાય અને માનતા ફળે એટલે બડવાને પશુનો ભોગ આપી રાજી કરે.

**૧. બુન્દરુ :** ગામમાં રોગચાળો ફેલાયો હોય અને ઢોર કે માણસ મૃત્યુ પામતાં હોય તો બુન્દરુની વિધિ કરવામાં આવે છે. આ વિધિમાં રવિવાર કે મંગળવારના દિવસે બડવાને બોલાવવામાં આવે છે. બડવો આખી રાત ડાકલાં વગાડી દેવતાઓની આરાધના કરે અને ધૂણે. જ્યાં સુધી તે ધૂણીને ભોગ ન ધરાવે ત્યાં સુધી ગામમાં કોઈ દળતું કે ખાંડતું નથી, તેમજ વાસીદું પણ વાળતું નથી. બીજે દિવસે બડવો માતાને ભોગ ધરાવી સૌને પ્રસાદ વિતરણ કરે ત્યારે આ વિધિ સંપન્ન થઈ કહેવાય.

**૨. જાતર :** જાતર વિધિના બે પ્રકાર છે. પહેલા પ્રકારની વિધિ  દર વર્ષે નવું અનાજ પાકે ત્યારે દેવને નિવેદ ધરાવવાના હેતુથી કરવામાં આવે છે. આ વિધિ બુન્દરુ જેવી જ હોય છે અને તેને નાંદરોલની જાતર પણ કહે છે. આ વિધિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઘર લીંપવું, કોઠલા-ખાડા પૂરવા કે સ્ત્રીઓએ માથા ઓળવા જેવી કોઈ પણ પ્રકારની ક્રિયા થઈ શકતી નથી.

જ્યારે બીજા પ્રકારની જાતર વિધિ આસો માસમાં કરવામાં આવે છે. આ વિધિમાં ઘરમાં જે વ્યક્તિ બીમાર હોય તેનું નામ દઈ જે દેવ કે દેવીમાં માનતા હોય તેની સમક્ષ બકરા કે પાડાનો ભોગ ધરાવવામાં આવે છે.

**૩. એન્દરની રાડું (ઈન્દ્રરાજની રાડું) :** બધી વિધિઓમાં આ વિશિષ્ટ પ્રકારની વિધિ છે. જ્યારે કોઈ વ્યક્તિ મરણપથારીએ હોય ત્યારે આ વિધિ કરવામાં આવે છે. આ વિધિમાં સવારે ઢોલીના તાલે ગીતો ગાતાં ગાતાં વનવાસીઓનો સંઘ કમળ નામના ઝાડ પાસે જાય છે. ઝાડની જુદી જુદી સાત ડાળો પસંદ કરી તેના પર પાણીનો છંટકાવ કરી પ્રત્યેક ડાળને દોરો બાંધે છે અને સંઘ પરત ફરે છે.

સાંજે પુનઃ બડવા સાથે આ સંઘ ઝાડ પાસે જાય છે અને ધૂણતાં ધૂણતાં ઝાડ પર ચડી, દોરા બાંધેલી ડાળો કાપે છે. નિશ્ચિત કરેલી જગ્યા પર આ ડાળોને રોપવામાં આવે છે. જે જગ્યા પર ડાળને રોપવાની હોય તે જગ્યા પર ૧૫ દિવસ પહેલાથી જ રોજ રાત્રે નાચગાન થતાં હોય છે, જેથી ગામલોકોને ખ્યાલ આવે કે અહીં 'ડાળું' થવાનું છે. ત્યાર પછી નક્કી કરેલા દિવસે બધા ભેગા થઈને આ સાત 'ડાળાં'ની ફરતે ગોળ કુંડાળામાં હાથમાં હથિયાર લઈને મોટી કિકિયારીઓ સાથે નાચગાન કરે છે. આખી રાત ચાલતાં આ નાચગાનમાં બાધા લેનાર વ્યક્તિ રોપેલા સાત ડાળની પ્રદક્ષિણા કરી સાત ઘડા પાણી રેડે છે. ધૂણતા બડવાઓ અહીં પશુનો ભોગ ધરાવી ડાળોને ઉખેડી તેને પધરાવવા તળાવે જાય છે. આ સમગ્ર વિધિનો અમુક હિસ્સો ગામના પટેલને પણ આપવો પડે છે.

## ■ પીઠોરાની માનતા :

આ પ્રદેશમાં વસતી રાઠવા કોમમાં સાંસારિક દુઃખોના નિવારણ માટે પીઠોરા દેવની માનતા વિશેષપણે માનવામાં આવે છે. જેના ઘરે પીઠોરા દેવની સ્થાપના કરવામાં આવી હોય તેના ઘરે દર વરસે બડવાઓ ભેગા થઈ બકરાં-મરઘાંનો ભોગ પીઠોરા દેવને ધરાવે છે અને તેને રાંધીને પ્રસાદ તરીકે વહેંચે છે. જેના ઘરમાં પીઠોરા દેવની માનતા ફળી હોય તેના ઘરે અન્ય વ્યક્તિઓ પણ બકરાં-મરઘાં-કૂકડાનો ભોગ ધરાવવાની માનતા માને છે. આ વિધિ હંમેશાં ઘરમાં જ કરવામાં આવે છે.

## ■ કુરિવાજો અને માન્યતાઓ :

દાહોદનાં અંતરિયાળ ગામોના કેટલાક વનવાસીઓમાં કોઈ સ્ત્રી ઝઘડાખોર હોય, સ્વભાવ સારો ન હોય, પતિને ન ગમતી હોય, સાસુ-સસરા સાથે બનતું ન હોય તો આવાં કારણોસર બધાં ભેગાં મળીને તે સ્ત્રી 'ડાકણ' છે એમ જાહેર કરે. તમામ દુઃખનું કારણ એ ડાકણ સ્ત્રીને ગણવામાં આવે. સ્ત્રી ડાકણ છે કે નહીં તે નક્કી કરવા માટે પણ એક ચોક્કસ વિધિ છે. આ વિધિ મુજબ અમુક રકમ આપીને બડવાને બોલાવવામાં આવે. બધાની હાજરીમાં બડવો ધૂણે અને મગના દાણા પાણીમાં નાખી તેમાંથી તરતો દાણો લઈ ત્યાં ઉપસ્થિત કોઈ વ્યક્તિને આપે. મોટેભાગે આ વ્યક્તિ પહેલેથી નક્કી જ હોય. ત્યારબાદ તે દાણો લઈ દરેક પાસે જાય અને પેલી સ્ત્રીના હાથમાં દાણો મૂકી દે. આમ, આ સ્ત્રી ડાકણ હોવાનું સાબિત થાય અને તેને સમુદાયથી જુદી પાડી મોતને ઘાટ ઉતારી દેવામાં આવે.

આવો જ બીજો કુરિવાજ છે, બાળહત્યાનો. જન્મ સમયે જો કોઈ બાળકના મોંમાં દાંત ફૂટેલો હોય તો એ બાળકને યમરાજનું સ્વરૂપ માનવામાં આવે. આ બાળક ગામના બધા લોકોને મારી નાખશે એવી ભીતિથી ઘરની પાછળની દીવાલ તોડી, તેને સ્મશાને લઈ જવામાં આવે. અહીં બડવાની હાજરીમાં બધા ભેગા થઈ તે બાળકના ટુકડા કરી નાખે.

આમ, અનેક કુરિવાજો અને અંધશ્રદ્ધાઓમાં આ વનવાસી પ્રજા સેંકડો વરસોથી સબડતી રહી છે. પરંતુ છેલ્લાં ચાલીસેક વર્ષથી પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થ અને પ્રેરણાથી તથા સંતોના સતત વિચરણ અને સમર્પિત કાર્યકરોના સહયોગથી હજારો આદિવાસી પરિવારો અને સેંકડો આદિવાસી ગામોમાં આમૂલ પરિવર્તનનો શંખધ્વનિ ફૂંકાયો છે. ભૂવા-બડવા પણ ડાકલાં ને ધૂણવાનું મૂકી નિષ્ઠાવાન સત્સંગી થયા છે. અસંખ્ય લોકોએ જીવન-પરિવર્તનનો જે અકલ્પ્ય ચમત્કાર અનુભવ્યો છે તે નોંધવા માટે ગ્રંથોના ગ્રંથો આરક્ષિત રાખવા પડે તેમ છે, પરંતુ અહીં તેમાંથી કેટલાક પ્રસંગોનું આચમન કરીએ...

## ■ અંધશ્રદ્ધા-વહેમમાંથી મુક્તિ :

■ ભાથીજીના બડવા તરીકે ફતેસિંહ રાઠવાને આ પ્રદેશમાં સૌ ઓળખતા. વનવાસીઓ પોતાની મુશ્કેલી કે દુઃખ દૂર કરવા તેમની પાસે જતા અને ફતેસિંહ તેમને માનતા આપતા. એક વાર તેમને પોતાને જ મુશ્કેલી આવી. તેથી તેઓ મોટા બડવા પાસે ગયા. તેણે એક બકરી ને બે મરઘાં વધેરી માતાને ભોગ ચઢાવવાની માનતા ફતેસિંહને આપી. એવામાં થોડા દિવસો પછી ફતેસિંહને સંતોનો યોગ થયો. સંતોના સત્સંગથી તેમને સત્ય સમજાયું, વહેમ અને અંધશ્રદ્ધાથી મુક્ત થયા, વર્તમાન ધારણ કરી, સત્સંગી થયા. હવે તેઓ બીજાને અંધશ્રદ્ધા ને વ્યસનથી મુક્ત કરી રહ્યા છે !

■ જમાવાઉ ગામના ઈશ્વરભાઈ રાઠવા પોતાની પત્નીના રોગનિવારણ માટે બડવા પાસે ગયા. બડવાએ પાંચ બકરા ને ૨૫ મરઘાંનો ભોગ ચઢાવવાની માનતા આપી. ઈશ્વરભાઈએ આ ભોગ ચઢાવ્યો છતાં પત્નીને સારું ન થયું. થોડા સમય પછી તેઓ વીરસિંગભાઈ નામના હરિભક્તના સંપર્કમાં આવ્યા. વીરસિંગભાઈએ તેમને ઠાકોરજીનું પ્રસાદીનું જળ આપ્યું અને તેમનાં પત્નીને સારું થઈ જાય તે માટે ઠાકોરજીને પ્રાર્થના કરી. ભગવાનની કૃપાથી થોડાક જ દિવસોમાં ઈશ્વરભાઈનાં પત્ની સાજાં થઈ ગયાં અને ઈશ્વરભાઈ સત્સંગ તરફ વળ્યા. ભૂવા-ડાકલાં છોડીને આખો પરિવાર અંધશ્રદ્ધામાંથી મુક્ત થયો!

■ ખરખડીની મુવાડી ગામના રાઠવા લાલજીભાઈ દારૂના અઠંગ વ્યસની હતા. વળી, માંસાહાર અને બીજાં વ્યસનો પણ ખરાં. આ બધાંમાંથી છૂટવા તેમણે ખૂબ પ્રયત્નો કર્યા. તેમનાં પત્નીએ પતિનું જીવન વ્યસનમુક્ત બને તે માટે પીઠોરા દેવ સમક્ષ બકરાં વધેરવાની માનતા માની હતી. આ જ અરસામાં લાલજીભાઈને સંતોનો યોગ થયો. સંતોની વાત સાંભળીને સત્સંગમાં પ્રીતિ થઈ અને વર્તમાન ધારણ કર્યાં. દારૂ અને માંસાહાર છૂટી ગયાં. જીવન પવિત્ર થઈ ગયું. સગાંવહાલાંઓએ જ્યારે લાલજીભાઈને પીઠોરાની માનતા પૂરી કરવી પડે એમ કહ્યું ત્યારે લાલજીભાઈ સત્સંગની ખુમારીના બળથી બોલી ઊઠ્યા : 'મને મૃત્યુનો ભય નથી, હવે મને પ્રમુખસ્વામી બાપા મળી ગયા છે. સાક્ષાત્ સ્વામિનારાયણ મળી ગયા છે.'

■ ખરખડીની મુવાડીના ભુરસિંગ રાઠવા તો કહે છે કે 'મારે દર વરસે અડધો લાખ રૂપિયા દારૂમાં જતા ! બકરાના બલિ ચઢાવતો અને ખૂબ માંસાહાર કરતો, પણ આજે પ્રમુખસ્વામી બાપાના હરિભક્ત કાર્યકર મળ્યા ને સત્સંગ થયો. આજે નિષ્ઠાવાન સત્સંગી બની ગયો છું.'

■ મઠ-દામેદપુરાના ૬૦ વર્ષના ભૂવા સનાભાઈ રાઠવાએ અત્યાર સુધીમાં ભોગ ધરાવવા માટે ૫૦૦થી વધુ બકરાં વધેરી નાખ્યાં હશે. સનાભાઈની પડોશમાં જ સંનિષ્ઠ હરિભક્ત સોમાભાઈનું ઘર આવેલું છે. સોમાભાઈ સ્વામીશ્રીના આદેશ મુજબ રોજ રાત્રે ઘરસભા કરે. સનાભાઈને પોતાના ઘરે બેઠાં બેઠાં જ સત્સંગની વાતો સંભળાતી. રોજ આ વાતો સાંભળવાથી જ સનાભાઈનું જીવન બદલાવા લાગ્યું. પોતે કરેલાં પાપોથી અંતરમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો. ધીમે ધીમે સત્સંગનો મહિમા સમજાયો અને સંતોનો યોગ થયો. નિર્દોષ બકરાંની હિંસા, અંધશ્રદ્ધા બધું જ છૂટી ગયું અને જીવન સત્સંગમય બન્યું.

## ■ વ્યસન-માંસાહાર મુક્તિ :

■ કંડાચના નટવરભાઈ પટેલ દારૂના અઠંગ વ્યસની. વરસે એક લાખ રૂપિયાનો દારૂ પી જાય. તલવાર, ચપ્પુ, ભાલો જેવાં હથિયાર પોતાની પાસે રાખે અને ગમે ત્યારે ગમે તેની સાથે મારઝૂડ કરે. પિતાના અવસાન પછી પત્ની પણ તેમની આવી આદતોથી કંટાળીને પિયર જતાં રહ્યાં. સમગ્ર પરિવાર વેરવિખેર થઈ ગયો. સને ૨૦૦૧માં નટવરભાઈને સ્વામીશ્રીનો યોગ થયો. પ્રથમ દર્શને જ તેમની મુમુક્ષુતા પાંગરી ઊઠી. સ્વામીશ્રી સમક્ષ પોક મૂકીને રડી પડ્યા. સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં. જીવન બદલાયું. પત્ની પણ ઘરે પાછા ફર્યાં. બધામાં સુમેળ થયો. આજે નટવરભાઈ ગોધરા મંદિરમાં નીલકંઠવર્ણીની મૂર્તિની અભિષેક-સેવા ઉત્સાહભેર કરી રહ્યા છે !

■ બોરખેડાના ભુરાભાઈ માવી માંસાહારી અને અત્યંત ક્રૂર વ્યક્તિ. પાંત્રીસ વર્ષથી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે અને પાણીની જેમ રોજ બે-ચાર લિટર દારૂ પી જાય ! નશામાં ને નશામાં એક વાર તેમણે પોતાનાં ભાઈ-ભાભીને ઘરમાં પૂરી ઘરને આગ ચાંપી દીધી હતી ! એ જ વખતે તેમના પિતા અચાનક આવી ગયા ને બન્નેને બચાવી લીધાં! પોલીસની પણ તેમને બીક નહોતી. સને ૧૯૭૩માં તેમને સંતોનો યોગ થયો. ગુરુપૂનમે બોચાસણમાં સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તેમનું જીવન બદલાઈ ગયું. સ્વામીશ્રીની આશિષ પામીને ભુરાભાઈ નિષ્ઠાવાન સત્સંગી થઈ ગયા. છેલ્લાં ૩૮ વર્ષથી તેઓ નિયમિત સત્સંગ કરે છે. નિયમ-ધર્મની દૃઢતા શિરસાટે રાખે છે !

■ ગળીબીલીના દીનુભાઈ રાઠવાનો ધંધો જ દારૂનો. દારૂ પીવો, પાવો ને માંસાહાર કરવો તે તેમના લોહીમાં હતું. એક વાર ગામમાં એક હરિભક્તને ત્યાં સત્સંગસભા થઈ રહી હતી. સંતો કથામૃતનો લાભ આપી રહ્યા હતા. લાઉડસ્પીકરને કારણે દીનુભાઈએ ઘરે બેઠાં બેઠાં ભગવાનની કથાવાર્તાનું શ્રવણ થયું. કથાના શબ્દોની જાદુઈ અસર થઈ. સભા પૂરી થયા પછી તેઓ સંતો પાસે ગયા અને વર્તમાન ધારણ કરી સત્સંગી થયા. બસ એ જ દિવસથી દારૂ પાછળનો રોજનો હજારોનો ખર્ચ બંધ થયો અને ઘરમાં સુખ-શાંતિનું વાતાવરણ સર્જાયું.

■ સપલાવાવના લલ્લુભાઈ રાઠવાને પણ દારૂ બનાવવો ને વેચવો એ ધીકતો ધંધો. કમાણી ઘણી, પણ એ બધી જ અનીતિની હતી. લલ્લુભાઈના બનેવી સત્સંગી હતા અને તેમણે લલ્લુભાઈને સત્સંગનો રંગ લગાડ્યો. લલ્લુભાઈનું જીવન બદલાયું અને દારૂનો ધંધો બંધ કરીને આજે તેઓ નિષ્ઠાવાન સત્સંગી થઈ ગયા છે.

■ વલુડીના સોમાભાઈ રામસિંગ બારિયા દરેક વાતે પૂરા હતા. માંસાહારનો અતિશય શોખ. આજુબાજુનાં ગામોનાં તળાવોની અંદર જાળ લઈને માછલી પકડવા જાય અને રાત્રે મિત્રો સાથે માછલીની મિજબાની માણે. દારૂની ભઠ્ઠી તો પોતાના ઘરમાં જ હતી. નાની એવી વાતમાં પણ તેઓ કોઈની સાથે લડાઈ-ઝઘડો કરી બેસે. સને ૧૯૮૫માં તેઓ ગામની શાળાના સંનિષ્ઠ સત્સંગી શિક્ષક ધનસુખભાઈ ચૌહાણના સંપર્કમાં આવ્યા અને જીવનમાં સત્સંગ દૃઢ થવા લાગ્યો. તેમનું ધર્મનિયમયુક્ત જીવન જોઈને ઘરની આજુબાજુ રહેતા અન્ય આદિવાસીભાઈઓને પણ સત્સંગનો રંગ લાગ્યો. માત્ર સાત જ ધોરણ સુધી ભણેલા અને છેલ્લાં પંદર વર્ષથી મંડળસંચાલક તરીકેની સેવાઓ આપતા સોમાભાઈ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું જ્ઞાન સહજતાથી અન્યને સમજાવી શકે છે.

■ કંબોઈ ગામના સુરસિંહ બીતાભાઈ ભુરિયા નાનપણથી જ હિંસક વૃત્તિના હતા. ઊછરતા મરઘાને મારીને એક થેલીમાં નાખી જંગલમાં જઈ એકાંતે શેકી ખાવાનો તેમનો નિત્યક્રમ હતો. બીજા ગામમાં જઈને ખેતરમાંથી અનાજની ચોરી કરવાનું કે પોલીસ સાથે ઝપાઝપીમાં ઊતરવાનું અવારનવાર બનતું. ગામની શાળાના સત્સંગી શિક્ષક સુરેશભાઈ પંચાલ અવારનવાર તેઓને રસ્તામાં રોકીને સત્સંગની વાતો કરતા અને પ્રમુખસ્વામી મહારાજનો મહિમા સમજાવતા. સને ૧૯૮૧માં સુરસિંહને સંતોનો યોગ થયો અને વર્તમાન ધારણ કરી સત્સંગી બન્યા. એ જ દિવસથી તેમણે શિકાર કરવાનું છોડી દીધું અને નિયમિત પૂજાપાઠ-આરતી કરવા લાગ્યા. સત્સંગ થયો તે પૂર્વે ઘરની આર્થિક પરિસ્થિતિ એટલી બધી નબળી હતી કે અનાજ ઉછીનું લાવીને કે વ્યાજે લાવીને ગુજરાન ચલાવવું પડતું. પરંતુ સત્સંગ થયા પછી તે પરિસ્થિતિ બદલાઈ. તેઓ કહે છે, 'આજની તારીખે મને એમ લાગે છે કે હું ક્યાં હતો ને ક્યાં પહોંચી ગયો ? આજે ગામડે જઈને સત્સંગની પ્રવૃત્તિ કરું છું.' બે વર્ષ પહેલાં ગામમાં ચાલીસ ટકા કુટુંબોએ ભોળપણથી ધર્મપરિવર્તન કર્યું હતું, પરંતુ સુરસિંહના પ્રયત્નોથી એક સો પચાસ કુટુંબો વિધિવત્ પુનઃ હિંદુ બન્યાં છે. જે આજે પણ હિંદુ મંદિરે દર્શને જાય છે.

આ જ પ્રદેશના કિશોરભાઈ વાલજીભાઈ બારિયાના જ શબ્દોમાં વાંચીએ તેમના જીવનપરિવર્તનની કહાણી : 'યુવાન વયે અમદાવાદની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં બી.એસસી.નો અભ્યાસ કર્યો તે દરમ્યાન ખ્રિસ્તીધર્મ અપનાવવાનો વિચાર આવેલો. ખરાબ મિત્રોની સોબતે વ્યસન અને માંસાહારની ભેટ મળી. અભ્યાસ કર્યા બાદ નોકરી દરમ્યાન હું ક્રાંતિકારી-સામ્યવાદી જેવી વિચારસરણી ધરાવતો થઈ ગયો. થોડાં વર્ષો પછી મેં અહીં શિક્ષકની નોકરી સ્વીકારી ત્યારે હું રાજકારણમાં ઓતપ્રોત હતો. ગ્રામ્ય જનતાને ઉશ્કેરી સરકાર સામે લડત કરવાનો મારો પાક્કો ઇરાદો હતો. હું સ્વભાવે અત્યંત ક્રોધી. વ્યસન કરીને ગામને ચોરે બેસું ત્યારે કોઈ મારી નજીક પણ ન ફરકી શકે. વાતવાતમાં હું ગાળો ભાંડતો. ખાવું-પીવું ને એશ કરવું એ જ મારું જીવન હતું. હું પાક્કો નાસ્તિક થઈ ચૂક્યો હતો. પરંતુ દેવગઢ-બારિયામાં ડૉક્ટર સ્વામીના મુખેથી કથાવાર્તામાં પ્રમુખસ્વામી મહારાજનું નામ અને તેમનાં ગુણગાન સાંભળીને મારું જીવન પલટાયું. તે જ દિવસથી મારાં વ્યસનો ચાલ્યાં ગયાં. મેં હજુ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરેલાં નહીં, પણ હરિભક્તોનાં જીવન, સંતોનાં પવિત્ર જીવન-આચરણ તથા સત્સંગથી મનમાં ને મનમાં જ સ્વામીશ્રીને ગુરુ તરીકે સ્વીકારી લીધા હતા. ડિસેમ્બર ૧૯૯૫માં મુંબઈમાં અમૃત મહોત્સવમાં સ્વામીશ્રીનાં પ્રથમ વખત દર્શન થયાં. સ્વામીશ્રી સાથે જોડાણ થવાથી મારા જીવનમાં અદ્ભુત પરિવર્તન આવ્યું. ક્રોધ કરવાની, ઉગ્ર સાદે બોલવાની, ગાળો ભાંડવાની ટેવ સદંતર જતી રહી. વાણીમાં વિવેક આવ્યો, વર્તન વિવેકી બન્યું. આજે હું લોકોને નકસલવાદી વિચારોને બદલે સત્સંગી વિચાર તરફ વાળું છું, એ બધો યશ પ્રમુખસ્વામી મહારાજને છે. હું સ્વામીશ્રીનો અત્યંત ઋણી છું.'

## ■ પ્રામાણિકતા :

સણસોલી ગામનો મેહુલ બી.એ.પી.એસ. બાળમંડળનો સભ્ય. તેને બંડલ બેંક બહાર પડી ગયેલું એક લાખ રૂપિયાનું મળ્યું. તેણે તરત બેંક મેનેજરને આપી દીધું. મેહુલ તેનો યશ બાળસભામાંથી મળેલા સંસ્કારોને આપી રહ્યો છે.

## ■ નિયમ-ધર્મ દૃઢતા :

શામળકૂવા ગામના ઉમેશભાઈ રાઠવા બોચાસણમાં કાર્યકર શિબિરમાં ગયા. ઉતાવળમાં પૂજા ઘરે ભુલાઈ ગઈ તેથી બે દિવસ તેઓએ નિર્જળા ઉપવાસ કર્યા અને ત્રીજે દિવસે ઘરે આવીને પૂજા કરીને પાણી પીધું! આદિવાસી ભક્તોમાં સ્વામીશ્રીએ આવી નિયમધર્મની દૃઢતા સિંચી છે.

મલાવ ગામની શાળામાં ગણિતના શિક્ષક અને સંનિષ્ઠ બાળકાર્યકર દર્શન પટેલને ટ્રસ્ટીઓએ તિલક-ચાંદલો ભૂંસી નાખવા દબાણ કર્યું. દર્શન પટેલે નોકરીને લાત મારી પણ સત્સંગના સોહાગ સમો તિલકચાંદલો ન જ ભૂંસ્યો! આ જ શાળામાં રાબોડ ગામનો નીલકંઠ તિલકચાંદલો કરીને અભ્યાસ કરવા જતો હતો. શાળાના વ્યવસ્થાપકોને તિલક-ચાંદલો ખૂંચતો હતો. એક વાર શિક્ષકે નીલકંઠને તિલક-ચાંદલો ન કરવા ડરાવ્યો, પણ નીલકંઠે તિલકચાંદલાને બદલે સ્કૂલનો જ ત્યાગ કરી દીધો !

દિલ્લીકુવા ગામના ભીમાભાઈ છનુભાઈ બારિયા નિષ્ઠાવાન સત્સંગીબંધુ છે. તેમના પરિવારમાં ૧૦૦ સભ્યો છે. એક વખત તેમના કાકાના દીકરાનો દીકરો ચંદુ અચાનક પેટમાં દુખવાથી પચીસ વર્ષની નાની ઉંમરે જ ધામમાં ગયો. કુટુંબીજનોમાં શંકા પેઠી કે નક્કી કુટુંબમાં કોઈ સ્ત્રી ડાકણ છે અને એ જ તેને ભરખી ગઈ છે. વડીલોએ નક્કી કર્યું કે ડાકણને શોધી કાઢવી. આ માટે ચર્મકુંડનું પાણી લાવી દરેક પતિ પોતાની પત્નીને પિવડાવે એમ નક્કી થયું. ભીમાભાઈને ધર્મસંકટ આવીને ઊભું રહ્યું. નક્કી થયેલા દિવસે તે અને તેઓનાં પત્ની કુટુંબીજનોની વચ્ચે હાજર રહ્યાં. પરિવારમાં જેટલી મહિલાઓ હતી એ દરેકને તેમના પતિ ચર્મકુંડનું પાણી પિવડાવતા હતા, પરંતુ ભીમાભાઈએ આમ કરવાની સ્પષ્ટ ના પાડી. એ દિવસે તેઓ શિક્ષાપત્રી સાથે લઈને ગયા હતા. દરેકને એમાંથી મહારાજની આજ્ઞાનું વાંચન કરીને સમજ પાડી કે મહારાજે ચર્મવારિ પીવાની ના પાડી છે. ત્યારે તો કુટુંબીજનો કંઈ બોલી શક્યા નહીં, પરંતુ ત્રીજા દિવસે ફરી નક્કી થયું. બડવા પાસે જવું અને કઈ બાઈ ડાકણ છે એ શોધી કાઢવું. આ વખતે કેવળ ઘરના પુરુષો જ ભૂવા પાસે ગયા હતા. ભૂવા પાસે પણ ભીમાભાઈએ જબરજસ્ત દૃઢતા રાખી. તેમની દૃઢતા જોઈને ભૂવો પણ ઢીલો પડ્યો અને કહેવા લાગ્યો કે ‘આ તો બહુ મોટો ધર્મ પાળે છે. તેને પાળવા દ્યો.’ ભીમાભાઈના મોટાભાઈ નટવરસિંહ તો ભીમાભાઈને મારવા તૈયાર થયા. તેમ છતાં ભીમાભાઈ પોતાના નિયમપાલનની દૃઢતામાંથી ચૂક્યા નહીં. અંતે સૌ ભીમાભાઈની સત્સંગની દૃઢતા આગળ ઢીલા પડ્યા.

ગળીબીલીના ચંદ્રાભાઈ બળધાભાઈ રાઠવા દર વર્ષે ઘરમાં પીઠોરામાં ઇંદ્રદેવને સિત્તેર બકરાં અને ત્રણસો જેટલાં મરઘાંનો બલિ ચડાવતા. પરંતુ જ્યારથી ઘરમાં સંતોની પધરામણી થઈ અને સંતોએ અહિંસાનો સાચો માર્ગ બતાવ્યો ત્યારથી જીવનમાંથી વ્યસનો-દૂષણો-હિંસા બધું જ ચાલ્યું ગયું.

## ■ સત્સંગ પ્રસાર માટે સમર્પણ :

ગોદલીના મંડળસંચાલક અરવિંદભાઈ રાઠવા રાત્રે આજુબાજુનાં ગામોમાં સત્સંગસભા કરાવવા નિયમિત જાય છે. ડુંગરાળ રસ્તો, સાઇકલથી કે ચાલતા જવું પડે. એક વાર રાત્રે સત્સંગસભા કરીને પાછા વળતાં રસ્તામાં સામે વાઘ મળ્યો. અરવિંદભાઈ સ્વામીશ્રીને મનોમન સંભારતાં ત્યાં જ ઊભા રહી ગયા. વાઘ પૂંછડું આમતેમ ફેરવતો ચાલ્યો ગયો. મોત સાક્ષાત્ સામે આવેલું જોઈને પણ આ આદિવાસી કાર્યકરોએ પોતાને સોંપાયેલી સત્સંગ-સેવામાં ક્યારેય પાછી પાની કરી નથી!

રમણભાઈ રાઠવા નિરીક્ષક છે. તેમને પાવાગઢની તળેટીમાં ચકલાવાળા ગામે સભા કરવા જતાં રસ્તામાં બે કિલોમીટર જંગલમાંથી પસાર થવું પડે. એક વાર સભા કરીને પાછા ફરતા હતા ત્યાં માર્ગમાં સંતાઈને બેઠેલો દીપડો જોયો. રમણભાઈ ગભરાઈ ગયા. અચાનક જ રમણભાઈને સ્વામીશ્રીની સ્મૃતિ થઈ આવી. ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ ભજન શરૂ કરી દીધું. એવામાં ત્યાંથી ટ્રેક્ટર નીકળ્યું ને તેમાં બેઠેલા લોકોએ બૂમો પાડી તેથી દીપડો જંગલમાં ભાગી ગયો ! આવી પરિસ્થિતિમાં પણ આ ભક્તો સત્સંગ સેવા કરે છે.

આ જ રમણભાઈને એક વાર રસ્તામાં છ જ ફૂટ દૂર વાઘનો ભેટો થઈ ગયો. અંતર ઓછું હતું. તેમણે હિંમતપૂર્વક સ્વામિનારાયણનું ભજન શરૂ કર્યું અને વાઘ ઝાડીમાં ચાલ્યો ગયો !

વળી, એક વાર વહેલી સવારે હાલોલ પાછા ફરતાં એક મોટો વાઘ નજીકથી પસાર થયો. તેણે આ ભક્તને જાણે મનોમન વંદન કર્યાં ! પછી ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો !

## ■ શૈક્ષણિક ઉત્કર્ષ :

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ગતિમાન બાળમંડળ અને કિશોરમંડળની સત્સંગસભાઓમાંથી અનેક આદિવાસી બાળકો અને કિશોરોએ ઉચ્ચશિક્ષણની પ્રેરણા અને માર્ગદર્શન મેળવ્યાં છે. ટોકરવા બાળમંડળના સભ્ય રાહુલ રાઠવા અને યજ્ઞેશ બારિયાને બાળવયથી જ સત્સંગના સંસ્કારો પ્રાપ્ત થયા હતા. આજે આ બન્ને કિશોરો મેડિકલમાં અભ્યાસ કરી રહ્યા છે. તેવી જ રીતે વીરાભાઈ ગઢવીના બન્ને દીકરા ૧૨ કિ.મી.નું અંતર કાપીને નિયમિત બાળમંડળમાં જતા હતા. આજે તે બન્ને એડવોકેટ છે! કંબોઈના સંનિષ્ઠ સત્સંગી યુવક ગોવિંદ નિનામા પણ વકીલ છે!

## ■ લૂંટફાટ છોડી :

આગાવાડાના મોખાભાઈ લૂંટફાટ કરી ગુજરાન ચલાવતા હતા. તેમની દીકરીનું લગ્ન સત્સંગી યુવાન સાથે થયું. વેવાઈપક્ષે સત્સંગ હોવાથી તેમણે પણ સંતોની પધરામણી કરાવી અને જીવનપરિવર્તન થયું. સત્સંગથી સમજણ આવી, કુટેવો છૂટી, શુદ્ધ નિષ્ઠા થઈ અને આજે તેઓ બીજી લૂંટફાટ છોડી સત્સંગનું સુખ લૂંટી રહ્યા છે.

વેલપુરના ગવજીભાઈ વસૈયા પણ લૂંટફાટનો ધંધો કરતા. જાલોદ-સંતરામપુરા રોડ પર સાંજે કે રાત્રે કોઈ વાહનને પસાર થવું હોય તો પોલીસની ટુકડી સાથે હોય તો જ ગવજીભાઈથી બચી શકે. એ અરસામાં સાવલી તાલુકાના સત્સંગી વિનુભાઈને જમીન સંરક્ષણ ખાતામાં જાલોદ નોકરી મળી. તેમણે ગવજીભાઈને કામકાજની દેખરેખ સોંપી. ગવજીભાઈ ધીમે ધીમે સત્સંગના સંપર્કમાં આવતા ગયા. પ્રમુખસ્વામી મહારાજનો મહિમા સમજતા ગયા. સને

૧૯૮૦માં વિનુભાઈ તેમને સ્વામીશ્રીનાં દર્શને લઈ ગયા. સ્વામીશ્રીના પ્રેમાળ સ્પર્શથી ગવજીભાઈ નખશિખ પલટાઈ ગયા. લૂંટફાટ, દારૂ-માંસ ને વ્યસનો છૂટી ગયાં. પોતે તો લૂંટફાટ ત્યજી પણ બીજા લૂંટારુઓને પણ તેમણે સત્સંગના માર્ગે વાળ્યા. પોતાની ટુકડીના ૧૫ જણને લૂંટફાટ છોડાવી સત્સંગી બનાવ્યા. એટલું જ નહિ આજે તેમના પ્રયત્નથી ચિત્રોડિયા, ધાવડિયા, વરોડ, પાલીવેડ, ગરાડુ, લખરપુર, જેવાં કેટલાંય ગામો સત્સંગના રંગે રંગાયાં છે!

◆

# યોગીજી મહારાજ
# વખાણનો નશો કે અહંકારની આગ જેમને સ્પર્શી શકતાં નહોતાં...

**- સાધુ વિવેકસાગરદાસ**

## મને કોઈ વખાણે...

વખાણનો પણ એક નશો હોય છે. પોતાનાં વખાણની ઇચ્છામાં માણસના અહંકારની બદબૂ આવે છે. આ અહંકારનું સંતાન ક્રોધ છે. એટલે જ, પોતાના વખાણની ઇચ્છા પૂર્ણ થતી નથી ત્યારે માણસ ક્રોધ-ઇર્ષ્યાની આગમાં સળગવા લાગે છે.

શું માણસ પોતાનાં વખાણની કે પોતાની પ્રશંસાની જલનમાંથી બહાર આવી શકે ?

પોતાની પ્રશંસાથી પર રહીને પરમાત્મામય રહેતા મહાપુરુષોનાં જીવન કેવાં પ્રેરણાદાયક હોય છે ?

અહીં તેની એક રોચક રજૂઆત છે.

પોતાનાં વખાણની ઇચ્છા ન હોવી એ એક દુર્લભ આધ્યાત્મિક ઉપલબ્ધિ છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને એ દુર્લભ બાબત સહજસિદ્ધ હતી. પોતાનાં વખાણની ઇચ્છા તો એક બાજુએ રહી, પોતાની નિંદામાં પણ તેઓ સદા પ્રસન્નતા માણવાની એમની લાક્ષણિકતા હતી. યોગીજી મહારાજની એ આધ્યાત્મિક પ્રકૃતિનું અદ્દલ દર્શન આજે પ્રમુખસ્વામી મહારાજમાં ઝળહળે છે.

યોગીજી મહારાજની ૧૧૮મી જન્મજયંતીએ એમના પુણ્ય-સ્મરણ સાથે, એવા મહાપુરુષોની એ દિવ્ય ગુણસમૃદ્ધિને કેન્દ્રમાં રાખીને અહીં માનવસ્વભાવની નબળાઈનું વ્યવહારુ બયાન પ્રસ્તુત છે.

આશા છે, એક અંતર્દૃષ્ટિની ચિનગારી આપણને આમાંથી લાધી જાય...

જેમ્સ વિલિયમ્સ કહે છે : 'The deepest feeling of every human being is the craving to be appreciated.'

વખાણની ઝંખના એ માનવની અંતરતલ પ્રકૃતિ છે.

શેક્સપિયર કહેતા કે Praises are our wages. અમારી કૃતિનાં વખાણ એ જ અમારું વળતર છે.

અમેરિકાના હાસ્ય લેખક માર્ક ટ્વેઇન પણ કહેતા કે 'I can live a week on compliments only.' - કોઈ મારી રચનાનાં વખાણ કર્યા કરે તો તે સાંભળવા અઠવાડિયું ખાધા વગર ચલાવી શકું.

કંઈ પણ ખાધા-પીધા વિના ભોંયરામાં રહેનારા એક મહાત્મા લોકોની 'વાહ વાહ'ના ખોરાકથી જીવતા હતા. એક વાર આ 'વાહ' બંધ થઈ અને તેમનું મૃત્યુ થઈ ગયું !

એટલે જ તુલસીદાસજી કહે છે :

*'કનક તજ્યો, કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ;*
*તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.'*

એક હાસ્ય કલાકારને લાગ્યું કે 'મારી પાસે લોકોને હસાવવા જેવું કાંઈ રહ્યું નથી.' આ વિચારમાં તે પ્રશંસાપ્રિયે આપઘાત કરી નાંખ્યો !

ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાત(૫/૩૯૧)માં કહ્યું છે કે 'મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય.' આ વ્યાખ્યા મુજબ તો સમગ્ર માનવજાત 'મૂર્ખ'ની પંક્તિમાં આવી ગઈ ! અરે ! માનવ જ નહીં, બળદને પણ ખેડૂત 'બાપો, બાપો' કહી વખાણે તો દોઢા ભારનું ગાડું ખેંચી કાઢે છે. રેસનો ઘોડો બીજા ઘોડાથી પાછળ રહી જાય તો તે ઘોડાને ડિપ્રેશન આવી જાય છે અને તેનું વજન ઘટી જાય છે ! 'મને કોઈ વખાણે' આવી પ્રશંસાનાં વલખાં ઉલ્લંઘવાં તે સામા પૂરે તરવા જેવું છે. જેને પોતાની સ્તુતિ ગમે તે સ્તુત્ય નથી.

શ્રીહરિના પાંચસો પરમહંસોમાંના ઘણા તો પ્રભુ થઈને પૂજાય તેવા હતા છતાં છૂપા જ રહ્યા. તેમને પ્રસિદ્ધિની પડી જ નહોતી. તેઓ પોતાના ગુણો ઢાંકતા. અરે, કોઈકે તો ગ્રંથો પોતે રચ્યા હોય, પણ તે બીજાના નાખે ચડાવી દેતા !

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ, છતાં સભામાં ઊતરતા ક્રમમાં ચોથે આસને બેસતા. 'હું અક્ષરબ્રહ્મ છું અને મારી કદર નહીં ?!' એવો સહેજ પણ ભાવ નહીં. આ સમજણમાં તો પાછળ તે આગળ, હારે તે જીતે અને મરે તે જીવે એવું છે.

કોઈકે સાચું કહ્યું છે :

*'જલા દે અપની હસ્તીકું અગર કુછ મરતબા ચાહે,*
*દાના ખાખ મેં મિલ કે ગુલે ગુલઝાર હોતા હૈ.'*

અસ્તિત્વ જ મિટાવીને અમરતા પ્રાપ્ત કરવાની છે.

નિષ્કુળાનંદ સ્વામી પણ ગાય છે :

*'જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છું કોઈ કામનો રે;*

*ત્યારે કોને વાધ્યો કુણ....'*

'હું સર્વશ્રેષ્ઠ છું' – આ ગુરુતા ગ્રંથિ છે. પોતે પોતાનો મહિમા સમજવા માંડે એટલે પતન શરૂ. આવી વ્યક્તિને ગીતાએ 'આત્મસંભાવિત' શબ્દથી કહી છે. આધ્યાત્મિક માર્ગમાં આવી વૃત્તિ એ મોટામાં મોટો ખતરો છે. પોતે પોતાની મર્યાદા સમજે નહીં એ મોટામાં મોટો મોહ. 'હોંઉં તો હોંઉં' એવો અભિનિવેશ થઈ જાય. ભગવાન સ્વામિનારાયણે શેખજીને ઐશ્વર્ય આપી સત્સંગ કરાવવા મોકલેલા, પણ ત્યાં લોકોની પ્રશંસા સાંભળી પોતે જ પ્રભુ થઈ પડેલા.

કોઈ કોઈ પ્રશંસાપ્રિયોને પોતાને વિષે 'હોંઉં તો હોંઉં' એવા ભાવ દૃઢ થઈ જાય છે. અને તેને લઈને જેમના થકી પોતાનો મોક્ષ છે એવા પ્રગટ ગુરુહરિને વિષે પણ નિષ્ઠાની ખામી રહે છે. તેથી તેઓ પોતાનાં જુદાં મંડળો પાડીને સત્સંગમાં વિક્ષેપ ઊભો કરે છે. એટલે જ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'તું તપાસી જોને તુજને રે, ઊતરી અંતરમાંય...*

*પછી ઇચ્છજે થાવા પૂજ્યને રે, તેનું નથી કાંઈ...'*

કામદોષમાં તો 'કોઈ જાણી જશે તો ?' એ બીકે અને જાણપણું હોય તો દીન-આધીનપણે રહેવાય, પણ માનમૂલક પ્રશંસાપ્રિયતા જીતવી અઘરી છે.

એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

*'માન મોટો છે અરિ અજીત, સમજીને સંગ તજો.'*

કેટલાક પ્રશંસાપ્રિય જનો પોતાનાં વખાણ કરાવવા સારુ 'cheering party' 'વાહ વાહ' કરનારું મંડળ સાથે ફેરવતા હોય છે. બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત તો ઓળખાયા જ નહિ. તેમના ઉપર હંમેશાં અપમાન અને તિરસ્કારનો વરસાદ વરસતો. તેમને વિમુખ પણ કરવામાં આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ પણ છાના રહ્યા. એટલે તો સદ્‌ગુરુ મહાપુરુષ સ્વામીને ગાવું પડ્યું કે –

*'છાના છાના છાના રે, તમે ક્યાં સુધી રહેશો છાના...'*

યોગીજી મહારાજ પણ પોતાના ગુણો-સામર્થ્યને દાબીને જ વર્ત્યા. અરે, ભગવાન પોતે પણ પોતાનું ભગવાનપણું દાબીને મનુષ્ય જેવા થઈને રહ્યા !! જ્યારે આપણે તો મનુષ્ય જ છીએ છતાં દેવ કે મુક્ત જેવા દેખાવા પ્રયત્ન કરીએ છીએ.

યોગીજી મહારાજને હાથીએ બેસાડ્યા તો કહે, 'મારી લાજ લીધી.' તેઓ કહેતા : 'મારી જયંતી ઊજવે તે મને ન ગમે. મને તો પૂજાવાનો અંકુર પણ નહીં. કોઈ હાર પહેરાવે તે ન ગમે. દંડવત્ કરે તે ન ગમે. આ હું નિષ્કપટભાવે કહું છું. મને તો એક રોટલો મળે તો ખાઈને ભજન કરું, પણ શાસ્ત્રીજી મહારાજની સંસ્થા વધે તે માટે દાખડો કરું છું.... કોઈ મારું અપમાન કરે તેમાં હું રાજી. કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને ગમે !'

એક વાર એક ચારણે તેમનાં ચરણમાં ઊર્ધ્વરેખા જોઈ અને તે તેમનો મહિમા ગાવા માંડ્યો, ત્યારે યોગીજી મહારાજે તેને અટકાવીને ચરણ ઢાંકી દીધાં. તેઓ કહેતા : 'મને ગુરુ થવું ગમે નહિ. હું તો ટોકણી ખમવામાં તૈયાર !'

પ્રમુખસ્વામી મહારાજ પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ વખતે છાના છૂપા જ રહ્યા. તેમને સંસ્થાનું પ્રમુખપદ આપવા શાસ્ત્રીજી મહારાજે ઘણું સમજાવ્યા, પત્રો લખ્યા, છેલ્લે બીજા દ્વારા પણ કહેવરાવ્યું ત્યારે માંડ માંડ તૈયાર થયા. સામાન્ય માણસો તો પદપ્રાપ્તિ માટે કે પદ ટકાવી રાખવા માટે ફાંફાં મારતા હોય છે. મને અધિકારી, કોઠારી કે ટ્રસ્ટી કરો તેવું પોતે કહે કે બીજા દ્વારા કહેવરાવે તો સમજવું કે તેનામાં તે પદની લાયકાત છે જ નહીં. સામાન્ય વાતચીતમાં પણ 'હું ઊંચા પદ પર છું' કે 'હું ટ્રસ્ટી છું' તેવો રોફ બતાવવો એ નુકસાનકારક છે. ગાંધીજી, રવિશંકર મહારાજ જેવા ઘણા વગર પદવીએ આગળ આવ્યા છે. કેટલાક તો હોદ્દા વગર કામ જ ન કરી શકે.

પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં બીજાને આગળ કરે. '*પોતે પોતાનું માહાત્મ્ય ગાય*' એવું તેમનામાં સંભવે જ નહીં. પોતે કેવું કાર્ય કર્યું તે બીજાને કહેવાનું જ નહીં. ગાંધીનગરમાં અક્ષરધામની પરિક્રમા બંધાતી હતી. આગળનો ભાગ કેવી રીતે રાખવો તે અંગે આર્કિટેક્ટ અને ઇજનેરોને સમજ પડતી નહોતી, તેઓ મૂંઝાયા હતા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું. સ્વામીશ્રી કહે : 'કાલે સવારે સ્થળ ઉપર જોઈને નિર્ણય લઈશું.' બીજે દિવસે સ્થળ ઉપર આવીને કહ્યું : 'મને રાત્રે એક વિચાર આવ્યો કે પરિક્રમાને આગળના ભાગમાં બાંધવી નહિ, આગળનો ભાગ ખુલ્લો રાખવો. આ તો મારો વિચાર કહ્યો. તમને પછી યોગ્ય લાગે તેમ કરજો.'

સ્વામીશ્રીનો આ વિચાર અને વિનમ્રતા જોઈ બધા એકી અવાજે બોલી ઊઠ્યા : 'Million dollar decision.' એટલે કે અતિ અદ્‌ભુત વિચાર ! આ વાતને સ્વામીશ્રીએ કોઈ દિવસ યાદ કરી કે કરાવી નથી ! 'સ્વામીની વાતો'માં કહ્યું છે કે 'ગુણો દાબે તે ઉત્તમ.' આ ગુણ તેમનામાં સહજ છે. આત્મશ્લાઘા તો ક્યારેય નહિ.

સને ૧૯૮૫માં બાવીસ હજાર સ્વયંસેવકોની સભામાં તેઓ બોલ્યા હતા કે 'મેં તો ખુરશી જ શોભાડી છે. તમને બધાને કરોડ કરોડ દંડવત્ કરું તોય ઓછા છે.'

દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામમાં તો ફક્ત ત્રણ શિખરનું મંદિર થાય તેવો સંકલ્પ જ યોગીજી મહારાજે કર્યો હતો, પણ સ્વામીશ્રી તો અક્ષરધામ સહિત સમગ્ર સંકુલને યોગીજી મહારાજનો સંકલ્પ જ ગણાવે છે ! સમગ્ર યશ ગુરુનાં ચરણે !

પોતાનાં વખાણ સાંભળવાની તેમને ખેવના નહિ. કોઈ વખાણ કરે તો તેઓ તરત જ કહે, 'આ બધો ભગવાન સ્વામિનારાયણ અને અમારા ગુરુઓનો પ્રતાપ છે. અને આ બધા સંતોની મહેનત છે.' યશની કલગી બીજાને માથે ચડાવી દેવી એ એક અઘરી આધ્યાત્મિક સાધના છે.

નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે, *'આપે બીજાને માન અપાર...'*

રિચર્ડ કાર્લ્સનનું સને ૧૯૯૯માં પ્રકાશિત થયેલું પુસ્તક 'Don't sweat the small stuff and it's all small stuff.' તે સમયે અતિ પ્રસિદ્ધિ

પામ્યું હતું. તેમાંથી પ્રસ્તુત પ્રકરણને અનુરૂપ એક ફકરાનો ભાવાનુવાદ જોઈએ : ''ઉપકાર કરો તો એનો ઢોલ ન પીટો. એટલું જ નહિ, પણ તમારા મગજમાંથી તે વાતને સાવ કાઢી જ નાખો. ભક્તકવિ નરસિંહ મહેતા કહે છે : *પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે* રે... આપણામાં એવો અહં રહેલો છે જે પોતાને વિશિષ્ટ મનાવવા ઇચ્છે છે. અહં આપણા અસ્તિત્વનો એવો અંશ છે કે જે અંદરથી પોકાર્યા કરે છે કે 'મને કોઈ જુઓ, મને કોઈ સાંભળો. હું કંઈક છું.' બીજાની વાત સાંભળો. બીજાને યશ આપો. તમારી કીર્તિમાં બીજાને પણ ભાગીદાર બનાવો. આમ કરવાથી તમને પોતાને વિશેષ આનંદ થશે અને અન્ય લોકોમાં આદર અને લાગણી સંપાદન કરી શકશો. આપણો અભિપ્રાય અને આપણી માન્યતા એ જ અંતિમ સત્ય એવું ન માનવું.''

આના અનુસંધાનમાં 'Frozen Thoughts' નામના સામયિકમાં છપાયેલો Anatomy of Praise નામનો લેખ મનનીય છે. તેમાં લખે છે કે 'માણસ પ્રશંસાને ઝંખે છે. પ્રશંસાથી ફૂલાઈને હંમેશાં અતૃપ્ત જ રહે છે. પ્રશંસાપ્રિય વ્યક્તિને પ્રશંસા સાંભળવાની આદત પડી જાય છે. આ પ્રશંસાનો ઉપભોગ ન મળે તો તે બેહોશ બની જાય છે. માનસિક આઘાત અનુભવે છે, અને નશાબાજની જેમ withdrawal symptomsનો ભોગ બની જાય છે. સારા મનુષ્યોની થતી પ્રશંસા સાંભળવામાં પણ પ્રશંસાપ્રિયને અદેખાઈ આવે છે. જ્યાં સુધી આપણું જીવન 'અહમ્'કારી છે, ત્યાં સુધી પ્રશંસાની એષણા છૂટવાની નથી. જેઓ દુનિયાના અભિપ્રાયની તમા કરતા નથી અને (નાર્સીસિસની માફક) પોતામાં જ મુગ્ધ રહે છે, તેઓ પણ પ્રશંસા ભૂખથી મુક્ત રહી શકતા નથી.'

એક મૂર્તિકાર તેના દીકરાની મૂર્તિકળાનાં વખાણ કરતા નહીં. તેઓ હંમેશાં તેને કહે કે 'આનાથી હજુ વધુ સારી મૂર્તિ બનાવ.' દીકરાને હંમેશાં પ્રશંસાની અપેક્ષા રહે. છેવટે તેણે પોતાની જ બનાવેલી એક મૂર્તિ જમીનમાં દાટી દીધી. પછી પિતાને કહે : 'ફલાણી જગ્યાએ ખોદકામ થયું હતું તેમાંથી આ મૂર્તિ મળી છે. તમને કેવી લાગે છે ?'

પિતાએ પ્રસન્ન થઈ કહ્યું : 'અદ્‌ભુત ! તું આના જેવી મૂર્તિ બનાવ.'

પુત્ર કહે : 'પિતાજી ! મારી જ બનાવેલી આ મૂર્તિ છે.'

ત્યારે પિતાજી કહે : 'હવે આની ઉપર તારી કલમ નહિ ચડે. આનાથી વધારે સારી મૂર્તિ તું બનાવી શકીશ નહિ. તું મૂર્તિકળામાં ખૂબ આગળ ને આગળ વધે તેથી તારા વખાણ કરતો નહોતો.'

વખાણ ક્યાં, કોનાં અને ક્યારે કરવાં તેનું પ્રમાણ જોઈએ. સ્વામીશ્રી અન્યની પ્રશંસા જરૂર કરે છે, પણ પ્રમાણસર કરે છે. પ્રમાણનું ભાન જળવાય તો ઝેર પણ દવાનું કામ કરે છે.

વળી, શાસ્ત્રો કહે છે : 'प्रत्यक्षे गुरवः स्तुत्याः' – ગુરુની તો તેમની પ્રત્યક્ષ સંનિધિમાં સ્તુતિ કરવી જોઈએ.

યોગીજી મહારાજની હાજરીમાં કોઈ તેમનાં વખાણ કરે ત્યારે લોકો તાળી પાડે, તે ભેળા યોગીબાપા પણ તાળી પાડે ! આ જોઈ કોઈએ પૂછ્યું કે 'તમે કેમ તાળી પાડી ?' ત્યારે યોગીબાપા કહે : 'બધાએ પાડી એટલે મેં પણ પાડી !' તેઓ હંમેશાં ભગવાનની મસ્તીમાં અલમસ્ત રહેતા. તેઓ સ્તુતિ-નિંદાથી પર જ હતા. તેમને તેનું કોઈ ભાન જ નહોતું. આ સ્થિતિ દુર્લભ છે.

તા. ૭-૧૧-૧૯૯૦ના રોજ ન્યૂયોર્કમાં એક ભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : 'સંતો તમારી હાજરીમાં તમારા ગુણનું ગાન કરે ત્યારે આપ શું વિચારતા હો છો ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે એ વિચારીએ છીએ કે એ ગુણ કોને લઈને છે ? શ્રીજીમહારાજને લઈને છે.'

જેને જીવનમાં શ્રીજીમહારાજ જ સર્વસ્વ હોય તેનો પ્રશંસા પરાભવ કરી શકતી નથી. ભગવાન અને સંત સ્તુતિ-નિંદાથી પર છે. તેઓને કરાતી સ્તુતિ એ તેમની ખુશામત નથી પણ આપણી ખુશામતપ્રિયતાને ટાળવાનું અમોઘ સાધન છે. આ વચનની સેવા છે.

એક વાર લંડનમાં હાથી ઉપર સવારીમાં હજારો હરિભક્તો અને ભાવિકો હતા, અને એક વાર હાલોલમાં નગરયાત્રામાં એક જ વ્યક્તિ હતી, છતાં સ્વામીશ્રી અલમસ્તાઈમાં જ હતા.

પ્રમુખસ્વામી મહારાજ પ્રશંસા જીરવી શકે છે, કારણ કે તેમને તેની ખેવના જ નથી. સ્વામીશ્રી એક વાર બોલેલા કે 'શોભાયાત્રાઓની ઇચ્છા તો ક્યારેય થઈ નથી.' તેઓ પરદેશથી દેશમાં પધારવાના હોય તો અગાઉથી પત્ર લખી દે કે 'ત્યાં કોઈ મોટા સમારંભ કે વરઘોડાની જરૂર નથી. હું એમાં માનતો જ નથી.' છતાં ભક્તો આવું કરે તો તેઓ તેને જીરવી શકે છે, ફુલાઈ જતા નથી.

ઘણા લોકો પોતાનાં સન્માનપત્રો મઢાવીને રાખે છે. એક વાર એક ગામમાં સ્વામીશ્રીનાં થયેલાં સન્માન સમારંભ બાદ, લોકોમાં વહેંચાયેલા સન્માનપત્રોની પસ્તી ઉપર સ્વામીશ્રીની હાજરીમાં હરિભક્તોને નાસ્તો પીરસાતો હતો. એ જોઈને સ્વામીશ્રી હસીને કહે : 'આ જ બરાબર છે.'

એક બહુમાળી મકાનની લિફ્ટ ધીમી ચાલતી હતી, એટલે લોકો બૂમાબૂમ કરતા હતા. મકાનમાલિકે લિફ્ટ આગળ એક પૂર્ણ કદનો અરીસો ગોઠવી દીધો એટલે બૂમાબૂમ અને ફરિયાદ બંધ થઈ ગયાં ! સ્વકેન્દ્રી લોકો સ્વદર્શનમાં જ ખોવાઈ જાય છે.

ત્યાગી થયા પછી કોઈ પોતાના પૂર્વાશ્રમની ઓળખાણ પોતે જ આપ્યા કરતા હોય છે. એટલે જ આઇન્સ્ટાઇન કહેતા : 'અહંતા અને મમતા છોડે તે ઉપરથી માણસ પરખાય છે.'

લંડનમાં એક ૮૨ વર્ષના વૃદ્ધે આપઘાત કર્યો, કારણ એટલું જ કે તેને કોઈએ કહ્યું કે 'તમારી ઉંમરના તમારા મિત્ર તમારા કરતાં જુવાન દેખાય છે.'

ફેશનેબલ કપડાં, સારી બ્રાન્ડનાં ચશ્માં, ગજા બહારનાં મોજશોખ, લગ્નમાં ખોટા ખર્ચા વગેરે પ્રશંસાપ્રિયતાની નિશાનીઓ છે.

સંગીતકારો કે પ્રવચનકારોને પોતાના સંગીત કે પ્રવચન માટે 'બહોતખૂબ,' 'દૂબારા, દૂબારા,' 'અદ્‌ભુત' એવાં પ્રશંસાપુષ્પોની માળા જોઈએ જ છે. તેમની સામું જોઈ માથું હલાવી માન પણ આપવું પડે. કોઈ વક્તા તો સ્ત્રીશૂન્ય સભામાં આવે જ નહિ ! જ્યારે જંગલમાં મોર એકલો જ નિજાનંદમાં મસ્ત બની નાચે છે, તેને કોઈ દર્શકની 'વાહ'ની જરૂર જ નથી. શ્રીહરિના પરમહંસો શ્રીહરિ સમક્ષ કે ઠાકોરજી સમક્ષ તેમની પ્રસન્નતા માટે પોતાની કળા રજૂ કરી દેતા.

માળા, માનસી, ધ્યાન, ભજન, કથા, પ્રવચન, ગ્રંથલેખન, સેવા વગેરે પોતાના મોક્ષ માટે અને ભગવાનની પ્રસન્નતા માટેનાં સાધનો છે, છતાં પ્રશંસાપ્રિયો આ બધાં આધ્યાત્મિક સાધનાનાં સાધનોમાં પણ પ્રશંસાની અપેક્ષા રાખે છે.

જૂનાગઢના મંદિરમાં યોગીજી મહારાજ વાસણોને કલાઈ કરીને ભગવાનદાસ શેઠને પૂછે : 'આ સેવાથી ગુરુ રાજી થશે ને ?' મહારાજ અને ગુરુની કેવળ પ્રસન્નતા ઇચ્છુકને અન્યની પ્રશંસા પામવાનો પડછાયો પણ અડતો નથી.

પુષ્ટિમાર્ગીય અષ્ટછાપ સખાઓ પરમાત્માની પ્રસન્નતામાં જ પોતાના સંગીતની સાર્થકતા સમજતા હતા. પ્રેમાનંદ સ્વામી મહારાજની મૂર્તિને સંભારી એકલા જ ગાતા. તેમને શ્રોતાજનોની 'વાહ'ની જરાય અપેક્ષા નહિ.

કોઈ મહાત્માને કોઈકે પૂછ્યું : 'કેટલી માળા ફેરવો છો ?'

તેણે કહ્યું : 'જેવો માણસનો ભરાવો.'

અમુક વક્તાઓ સભામાં ઓછી સંખ્યા હોય તો 'મારું ગળું દુખે છે' એમ કહીને આવે નહિ, જ્યારે શાસ્ત્રીજી મહારાજ એક વ્યક્તિને સત્સંગ કરાવવા આખી રાત વાતો કરતા.

યોગીજી મહારાજ ૧૯૬૦માં ઝિમ્બાબ્વેના હરારે શહેરમાં ઉતારે ઉમંગથી કથા કરતા હતા, તે વખતે એક જ વ્યક્તિ હાજર હતી. યોગીજી મહારાજની આ અલમસ્તાઈ જોઈ સાધુની સૂગવાળા એક ભાઈ સત્સંગી બની ગયા !

સ્વામીશ્રીની પણ એ જ વિશેષતા છે. નાની-મોટી સભામાં કે એક વ્યક્તિની હાજરીમાં પણ તેઓ શ્રીજીમહારાજમાં મસ્ત થઈ કથા કરે છે.

પ્રશંસાપ્રિય પોતાનાં પ્રવચન કે સંગીતની જાતે જાહેરાત કરે. આમંત્રણ પત્રિકામાં પોતાની બધી પદવીઓ સહિત પોતાનો ફોટો છપાવવાનો આગ્રહ રાખે. વિશિષ્ટ વ્યક્તિઓને 'મારું પ્રવચન કે સંગીત સાંભળવા જરૂરથી આવજો' એવો આગ્રહ કરે.

વળી, કોઈ પ્રશંસાપ્રિય વ્યક્તિને પોતાના પ્રયત્ન કે ગાયન પછી ઇચ્છા રહે છે કે કોઈક તો મને કહે કે 'તમે સારું બોલ્યા કે તમે સારું ગાયું.' અને જો કોઈ આવું ન કહે તો સામેથી પૂછે કે 'મારું પ્રવચન કે સંગીત કેવું રહ્યું ?'

'હું અંતઃશત્રુઓથી રહિત છું' એવો વિચાર જો સતત મમળાવ્યા કરે અને જાણપણું ચૂકી જાય તો તેમાંથી અહંકાર પોષાય. આવું નિર્માનીપણાનું માન તેના માનને વધુ પ્રદીપ્ત કરે છે. એક હરિભક્ત બધાને કહેતા ફરતા કે મારા જેવો નિર્માની તમને આખા સત્સંગ સમુદાયમાં બીજો નહિ મળે !

તા. ૧૭-૧૨-૧૯૯૦ના રોજ બોચાસણ મંદિરમાં સ્વામીશ્રીએ ધનુર્માસ નિમિત્તે પાટી ઉપર લખેલું કે 'અહં-મમતા મૂકી ભગવાન ભજી લેવા.'

'હું કંઈક છું' ને બદલે સ્વામીશ્રીની સ્થાયી સમજણ છે કે 'હું કાંઈ જ નથી !' આ જોઈ આ વિષયના તજજ્ઞ શ્રી ગૌરાંગ ચટ્ટોપધ્યાયે પોતાની આઠ વર્ષની સમજણ બદલી નાંખી હતી.

બૌદ્ધધર્મના અનુયાયી એવા ચીનના સમ્રાટ વૂએ દસ હજાર વિહારો બંધાવ્યા હતા. તે હજાર ભિખ્ખુઓને રોજ ભોજન કરાવતો હતો તેનો તેને ગર્વ આવેલો. તે વખતે આચાર્ય બોધિસત્વ ત્યાં આવેલા. તેમની આગળ રાજાએ પોતાની બડાશભરી વાતો કરવા માંડી. તેના મનમાં એમ કે 'આ સાંભળી આચાર્યશ્રી મારી ઘણી પ્રશંસા કરશે.' પરંતુ આચાર્યશ્રીએ તો કહ્યું કે 'તું એમ માને છે કે હું કંઈક છું' તો તે મહાપાપ છે. 'હું કાંઈ જ નથી' એ સમજણમાં જ પ્રશંસા પામવાનો ધખારો મટે છે.

તા. ૧૩-૬-૧૯૯૮માં વિદ્યાનગરની સંતશિબિરમાં સ્વામીશ્રીએ વાત કરી હતી કે *''હું ટળે હરિ ઢૂંકડા...'* દાસ થયો એટલે પોતાનું અસ્તિત્વ મટી ગયું. ભગવાન ઢૂંકડા થઈ ગયા. માટે, *દાસના દાસ થઈ સમજી રહેવું સત્સંગમાં.''*

અહંકેન્દ્રી માણસો હંમેશાં પ્રશંસાપ્રિય હોય છે. તેઓ પોતાની 'વાહ વાહ' માટે પોતાના ખર્ચે મોટા મોટા સમારંભો યોજતા હોય છે.

૧૯૯૨માં અક્ષરધામ ઉદ્‌ઘાટન મહોત્સવમાં નાનામાં નાના સ્વયંસેવકથી માંડી સ્વામીશ્રી સુધી કોઈ મહોત્સવની સેવાની ક્રેડિટ લેવા તૈયાર નથી – આવું અનુભવીને અડવાણીજી આશ્ચર્ય પામી ગયા હતા.

પ્રશંસાપ્રિય ટીમવર્કની વાત કરે, પણ 'ટીમમાં હું મુખ્ય છું' એમ કહી નાંખે. તેને કોઈ પણ કાર્યમાં સામેથી માથું મારી બધા ઉપર છવાઈ જવાની વૃત્તિ રહે છે.

પ્રશંસાપ્રિય કોઈનીય ટોકણી ખમી શકે જ નહિ.

આધ્યાત્મિક માર્ગમાં સત્સંગ કે સાધુઆશ્રમમાં પ્રવેશ્યા પછી પણ 'હું જ્ઞાની છું, રૂપવાન છું, હું સેવાભાવી છું, હું પ્રવચનકાર છું કે હું સંગીતકાર છું' એવી પોતાની આગવી ઓળખ તેને અન્યથી અલગ કરે છે અને તે અલગતામાંથી પ્રગટે છે – 'હું' કાર. અહંકાર.

એક રૂપાળો સાધુ કોઈક સદ્‌ગુરુ સાથે પધરામણીએ ગયેલો. તેને જોઈ સ્ત્રીવૃંદમાંથી કોઈ બોલ્યું : 'અરે, આ તો આપણામાં શોભે એવો છે.' પોતાના રૂપની આવી પ્રશંસા સાંભળીને તે સાધુને થયું કે 'હું અહીં સાધુમાં ખોટો ભરાણો છું.' અને તે ઘેર જ જતો રહ્યો.

'મારી કોઈ કદર નથી; મારી આવડતનો કોઈ ઉપયોગ કરતું નથી; મારી લાયકાત પ્રમાણેની મને સેવા ન આપી' વગેરે ભાવોથી પ્રશંસાપ્રિય અકળાય છે. સ્વ-મહિમામાં આધ્યાત્મિક રસ્તો ભુલાય છે.

'મારું પ્રવચન નહિ થાય, મારું પુસ્તક કે સીડી પ્રકાશિત નહિ થાય તો સત્સંગ-વિકાસનું શું થશે ?' આ બધી ભ્રમણાઓ છે. સર્વત્ર સમાસ તો મહારાજ-સ્વામીથી જ થાય છે.

એક ચીની કહેવત છે : 'ખરાબ કામ કરે છે છતાં તે બહાર પડી જાય તેથી બીએ છે તે બૂરાઈમાં સારાંશનો અંશ છે, પરંતુ જે કામ કરે તે ચોમેર જાણીતું થાય તે માટે આતુર રહે છે, તે સારાંશમાં બૂરાઈનો અંશ છે !'

'મારી કદર કરે, મને બિરદાવે' એવી ભાવના સાથે કરેલી ભક્તિમાં સેવાની સુવાસને બદલે ગુમાનની ગંધ આવે છે. આપણી મિથ્યા મહત્ત્વાકાંક્ષાઓ આપણને સત્સંગમાંથી પાડે છે. પોતાને દેહરૂપ માને, નામરૂપ માને તેમાંથી આ માનજ્વર ઊપડે છે અને તે રુધિરમાં ભળીને પછી વર્તનમાં આવે છે.

કોઈ દ્વારા સત્સંગની પ્રતિષ્ઠાનું કાર્ય થતું હોય તો રાજી થવું જોઈએ; પણ રાજી ન થવાય તો નિર્વિકલ્પાનંદ જેવું થાય - પતન જ થાય.

'કરું તો હું કરું' આ ભાવના મુશ્કેલીઓ સર્જે છે. તેને બીજો માન ખાટી જાય તે ગમે જ નહીં. આ સુપરિન્ટેન્ડન્ટ પ્રકૃતિ છે.

કોઈ મંદિરમાં સ્થાનિક સંતો કે કાર્યકરો પરિશ્રમપૂર્વક સત્સંગની પ્રવૃત્તિ કરી સત્સંગ વધારતા હોય તો વડીલોએ રાજી થવું જોઈએ. નહિતર એમ થાય કે 'હવે અમારું માન નહીં રહે. અમને કોઈ વખાણશે નહીં.' બીજાને પાછા પાડી આગળ આવવાની પ્રવૃત્તિ પોતાને જ નુકસાનકારક છે. સને ૨૦૦૧માં અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ગાંધીનગરમાં સ્વામીશ્રી માટે બોલેલા કે 'તેમની આંખોમાં જ દેખાય છે કે તેઓ બીજાને પાછા પાડી આગળ આવ્યા નથી.'

રાજકારણમાં પોતાની મહત્તા વધારવા પોતાના જ પક્ષના ઉમેદવારને પોતે જ હરાવે છે. પક્ષને નુકસાન થાય તેની તેઓ પરવા કરતા નથી.

સર્જનાત્મક કાર્ય કરનારાઓને એક અપેક્ષા રહે છે કે તેમનું સર્જન લોકો સુધી પહોંચે. આપણો લેખ કે પુસ્તક કે સીડી પ્રકાશિત ન થયા તો 'જેવી મહારાજની મરજી' એમ સમજવું, પણ ઉદાસ ન થવું. 'પક્ષપાતને કારણે મને આગળ આવવા દેવો નથી, મારા માટે તેમને પૂર્વગ્રહ છે, ઈર્ષ્યા છે, અહીં અમુકનું જ તીર ચાલે છે, સ્વામી પણ અમુકનું જ કહ્યું કરે છે;' આવી બેપરવાઈ આવી જાય, તો ગુરુને વિષે પણ મનુષ્યભાવ આવી જાય. પછી પતન જ થાય. આવું ન થાય એવી સમજણ પણ એક પ્રકારની સાધના છે. આ સિદ્ધ થાય તો પ્રશ્નો માત્ર ટળી જાય અને આનંદ આનંદ વર્તે.

જાહેરસભામાં કોઈનું પ્રવચન કે કીર્તન છેલ્લી ઘડીએ રદ થયું હોય તો તે આયોજકો ઉપર ધોખો કરે. વળી, કોઈ વાર ગુરુએ કહ્યું હોય કે 'લેખન આદિ પ્રવૃત્તિ છોડીને હવે સત્સંગપ્રચારની પ્રવૃત્તિ કરો' તો આ પરિસ્થિતિમાં પણ *'એક રહે અંતરમાંહી તાન પ્રભુને રીઝવવાને'* હોય તો તે ક્યારેય પાછો ન પડે.

'પોતે કંઈ સારું કાર્ય કર્યું તેથી સંપ્રદાય કે સમાજનું ગૌરવ વધ્યું છે,' એમ સમજવાને બદલે 'પોતાની હોશિયારીથી થયું છે' એમ ગલગલિયાં થાય એ આધ્યાત્મિકતા નથી. સારા કાર્યની લોકો પ્રશંસા કરશે જ, પણ તેમાં માન ન આવી જાય તે જાણપણું રાખવું જોઈએ. જે કંઈ બોલીએ, લખીએ તે મહારાજ-સ્વામીની પ્રેરણાથી જ થાય છે એમ સમજવું. નહિતર ગધેડા પર મૂર્તિ જોઈ લોકો પગે લાગે ને ગધેડો એમ સમજે કે 'મને પગે લાગે છે,' એમ સમજીને ફુલાય તેના જેવું થાય.

'દરેક પ્રવૃત્તિમાં મારો વટ પડી જાય' એવી ઊંડે ઊંડે ભાવના રહે છે. આ વટ પાડવામાં હંમેશાં ટેન્શન-માનસિક તાણ રહે છે. આધ્યાત્મિક પ્રવચન કરવાનું હોય કે ભજન ગાવાનું હોય કે સેવા કરવાની હોય ત્યારે તેમાં પણ એમ કહે કે 'હું આ કાર્ય કરીશ તો સામાને કેવું લાગશે ?' આ લઘુતાગ્રંથિ છે. આવી લઘુતાગ્રંથિથી જ બધી પ્રવૃત્તિઓ થાય છે. લોકોને રાજી કરવાનું તાન જ રહે છે. લોક રિઝાવન જ જાણે પ્રશંસાપ્રિયની સઘળી પ્રવૃત્તિઓનું ચાલક બળ બની રહે છે. સ્વામીશ્રી આગળ પ્રવચન માટે માઇક મૂકવામાં આવે ત્યાં સુધી તેઓ પત્ર જ લખતા કે વાંચતા હોય છે. તેમને પ્રવચનનું ટેન્શન જ નહીં. તેઓ જે કંઈ બોલે તે શ્રીજીમહારાજને રાજી કરવા બોલે છે. આ તેમની મોટી સિદ્ધિ છે. સામાન્ય માણસથી તે પ્રમાણે વર્તાતું નથી. 'વાહ'નો મોહ જતો નથી. આ જીવની આધ્યાત્મિક ગરીબાઈ છે. આ ગરીબાઈને લઈને પોતાનાં પ્રકાશનો કે પોતાની સીડીનો પોતે જ પ્રચાર કરવા માંડે.

સત્સંગ પ્રવૃત્તિમાં પણ આવું થવાનો સંભવ છે, તો પછી શું માળા પકડીને બેસી રહેવું ? ધ્યાનમાં જ બેસી રહેવું ? કે પછી 'ભગવાનની ઇચ્છા હશે તેમ સત્સંગ વધશે, આપણે કંઈ કરવું નથી,' એમ માનવું ? એવું થવાનું શક્ય નથી. મોટાપુરુષ આજ્ઞા કરે તો અમુક અપવાદ સિવાય બીજાથી માળા પકડીને બેસાશે પણ નહિ, કારણ કે પ્રવૃત્તિ જીવનો સહજ સ્વભાવ છે. ઈશ ઉપનિષદ કહે છે કે 'કર્મ તો કરવાં જ જોઈએ.' શ્રીજીમહારાજના પરમહંસોએ પણ જીવનભર પ્રવૃત્તિ કરી છે. તેમણે મંદિરનિર્માણની સેવા, ગ્રંથો લખવા, રસોઈ, વહીવટ વગેરે કાર્યો કર્યાં છે, પરંતુ આ બધાંમાં તેમણે પ્રશંસાની અપેક્ષાએ રહિત શ્રીહરિની પ્રસન્નતાને જ પ્રાધાન્ય આપ્યું છે.

કોઈ કૃતિ તૈયાર કરી હોય તો સૂચન અવશ્ય આપી શકાય કે 'મેં આ કૃતિ તૈયાર કરી છે તો તે બહાર આવે તો સારું.' પરંતુ આગ્રહ કે દુરાગ્રહ નુકસાનકારક છે. એક કે બે વાર યાદ પણ કરાવાય, પછી 'જેવી ભગવાનની મરજી' એમ સમજી આનંદમાં રહેવું જોઈએ. નહિતર આપણા અંતરની શાંતિ અને આપણે કરેલો સત્સંગ અંતરમાં ડહોળાઈ જાય. 'કરવા ગયા કંસાર ને થઈ ગયું થૂલું' તેવું થાય. અભાવ-અવગુણની ગર્તામાં પડી સત્સંગ પણ મૂકી દેવાય.

તા. ૧-૧૧-૧૯૯૭માં સ્વામીશ્રીએ લંડનમાં વાત કરેલી :

'જક્ત મોટાઈ ન માંગવી. એની ઇચ્છા બહુ રહે છે કે મારાં માન વધી જાય. તે માટે ધમપછાડા ન કરવા. સમજવું કે –

*જાણો જક્ત મોટાઈ જૂઠ છે રે, તેની તજો તાણ;*

*તેને ઇચ્છે તે હૈયાફૂટ છે રે, ન ઇચ્છે સુજાણ.'*

જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ એક સદ્‌ગુરુનું મંડળ બાંધી દીધું, તેથી તે સદ્‌ગુરુ રાજી થયા કે 'હવે થાળે પડ્યા. હવે ગામડે ફરશું.' તે વખતે એક ઘોડી હણહણી, કારણ કે તેની સાથે રહેનારી ઘોડીને વેચી દીધેલી. આ ઘોડીને તેનો હેડો (અતિશય પ્યાર) લાગેલો તેથી હણહણતી હતી. આ સાંભળી સ્વામીએ તે સદ્‌ગુરુને કહ્યું : 'આવો હેડો સાધુ સાથે લાગવો જોઈએ. તેને મૂકીને દૂર જવાનું થાય ત્યારે આવું દુઃખ થવું જોઈએ.'

લૌકિક-માર્ગમાં તો જગતની મોટાઈ અને પ્રશંસાપ્રકૃતિરૂપી દૂષણ સાહજિક છે, પણ આ દૂષણ જો આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશે તો સાધકને મોટું નુકસાન થાય.

જગતની બધી મહત્વાકાંક્ષાઓ છોડીને સાધુ થયા પછી પણ 'મને કોઠારી, ભંડારી, સદ્‌ગુરુ, મંડળધારી બનાવે; મારાં માન-સન્માન થાય' તેવાં અભરખાઓ-લોકેષણા જાગે તો સમજવું કે મહાકારણ માયા વળગી. આની પરિપૂર્તિ ન થાય તો ક્રોધ, ઈર્ષ્યા, મત્સર વગેરે ઊપજે. રાત-દિવસ ધૂંધવાયા કરે. 'ફલાણાને આગળ આવવું છે તેથી મને પાછો પાડે છે; હું જ લાયક છું છતાં મોટેરાઓ બીજાને આગળ કરે છે; અમે આટલું ભણ્યા તેનો અર્થ શો ?' વગેરે વગેરે તરંગોનાં મોજાં ઊછળે પછી આવા વિચારોમાંથી ગુરુ, સંત અને હરિભક્તનો અભાવ-અવગુણ આવે ને છેલ્લે દ્રોહમાં પરિણમે. વિવેકશૂન્ય બની જાય, ન બોલવાનું બોલી જાય, મોટાની પણ આમન્યા ન રહે. પછી શતમુખ વિનિપાત થાય. સ્તુતિ કરતો હોય તે નિંદા કરવા માંડે. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ લોયા ૧૭મું વચનામૃત ધામમાં જતાં પૂર્વે ત્રણ વરસ સુધી રોજ વંચાવ્યું હતું. આના મૂળમાં છે – પોતાની સ્તુતિની અપેક્ષા.

પ્રશંસાપ્રિય અલૈયા ખાચરને 'સત્સંગમાં હું પૂજાઉં છું' એવું માન હતું. એક વાર મુક્તાનંદ સ્વામીએ તેમનું નામ ત્રીજા નંબરમાંય ન લીધું તો મુક્તાનંદ સ્વામીનું માથું કાપવા તૈયાર થયેલા. છેવટે તે સત્સંગમાંથી ગયા અને કેટલાકને તેમણે સત્સંગમાંથી પાછાય પાડ્યા.

જેમ ઊંઘમાં ઉંદરડો ફૂંક મારીને પગની પાનીને કોરે છે, તે જ્યારે માણસ જાગે ત્યારે ખબર પડે. આવી અહંકારની વૃત્તિ આપણને કોરી ન ખાય તે બીકે સદા જાગૃતિ જોઈએ. વચનામૃત ગઢડા પ્રથમ ૬માં આવી જાગૃતિવાળાને 'વિવેકી' કહ્યો છે. શ્રીજી-મહારાજે સંતોને કહેલું કે માન થાય ત્યાંથી ચાલી નીસરવું. આ પ્રકરણ હંમેશ માટે સારું છે. સ્વરૂપાનંદ સ્વામીના મંડળનું જામસાહેબે સન્માન કર્યું એટલે તેઓ ત્યાંથી ચાલી નીસરેલા.

પંચાળાના ત્રીજા વચનામૃતમાં મુનિબાવાનો પ્રશ્ન છે કે 'સત્સંગનો ખપ છે છતાં માન, ઈર્ષ્યા કેમ રહી જાય છે ?' ત્યારે શ્રીજીમહારાજ જવાબમાં કહે છે કે 'એવો છે તેમાં બુદ્ધિ નથી અને જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને જાણે.... પોતાના અવગુણ ટાળવા સંત વાત કરતા હોય તે વચનને હિતકારી માને... પોતાના અવગુણ ન વિચારતો હોય તો તેની વ્યાવહારિક બુદ્ધિ જાણવી અને તે બુદ્ધિ ઉપરથી તો ચોજાળી જણાય પણ તેને બુદ્ધિવાળો ન કહેવાય. તેને તો અતિમૂર્ખ જાણવો... અવગુણ જાણીને ટાળવા ઉપાય કરે તે જ બુદ્ધિવાળો કહીએ.'

હરિચરિત્રામૃતસાગરમાં પણ શ્રીહરિ કહે છે : 'અતિ બુદ્ધિશાળીને બીજાનો ભાર નહીં.' ભલે શ્રીજીમહારાજે અત્રે વિવેકપૂર્વક અતિબુદ્ધિશાળી શબ્દ વાપર્યો, પણ પંચાળાના ત્રીજા વચનામૃત મુજબ તો 'અતિ મૂર્ખને બીજાનો ભાર નહીં' એવો અર્થ થાય. વચનામૃત ગઢડા મધ્ય ૬૬માં પણ મહારાજ કહે છે કે 'બુદ્ધિ તો ઘણી છે પણ પોતાના દોષ દેખતો નથી.' આમ સ્વમહિમામાં આસક્તને આધ્યાત્મિક રસ્તો ભુલાય છે.

આ પ્રશંસાની ઝંખનારૂપી આધ્યાત્મિક ગરીબાઈમાંથી ઊગરવા માટે અંતર્દષ્ટિ જરૂરી છે. નિષ્કુળાનંદ સ્વામી તેઓ માટે કહે છે :

*'ભૂંડા ઘાટ ઊઠે છે ભીતરે રે, જે ન કહેવાય બાર;*

*તેહ વાતનો તારે અંતરે રે, નથી નર વિચાર.'*

આવી સાચી અંતર્દષ્ટિ થઈ જાય તો તેને એવો પસ્તાવો થાય કે 'મો સમ કૌન કુટિલ ખલ કામી.' તેને બળતરા ઊપડે કે 'અરે, મારી તો આ માર્ગે કોઈ યોગ્યતા જ નથી. મારે મારા દોષો શોધીને કાઢવાના છે અને પ્રગટ ગુરુહરિમાં સંપૂર્ણ દિવ્યભાવ રાખી ભજન કરવાનું છે. હું આ બધું ભૂલીને પ્રસિદ્ધિને અવળે માર્ગે ચડ્યો ?' આવું તેને લાગવા માંડે પછી તો ગુરુના વચને પ્રવૃત્તિ અને વચને નિવૃત્તિ જ રહે. ગુરુની પ્રસન્નતા વિના કોઈ આકાંક્ષા જ ન રહે.

તા. ૨૪/૪/૧૯૯૮ના રોજ સ્વામીશ્રીએ એક વ્યક્તિને પૂછ્યું : 'તમે આટલું બધું કામ કરો છો પણ 'તમે બહુ સારું કામ કરો છો' એવો કોઈનો પ્રશંસાનો કાગળ આવ્યો ?' તેણે કહ્યું : 'ના.' ત્યારે સ્વામી કહે : 'કોઈ દિવસ નહીં આવે. માટે તે આશા રાખ્યા વગર સેવા કરવી.'

પ્રશંસામાંથી થતા પતનમાંથી ઊગરવા ગુરુપરંપરાના વૃત્તાંત વિચારવા.

આજે પૂર્ણસ્વરૂપે પ્રકાશતા પ્રમુખસ્વામી મહારાજ, યોગીજી મહારાજના સમયમાં પણ અત્યારે છે તેવી જ ક્ષમતા ધરાવતા હતા છતાં પોતાની સામર્થીને છુપાવીને જ રહ્યા હતા.

તા. ૨૭-૧૦-૧૯૯૩માં રાજકોટમાં સવારની એક ગોષ્ઠિમાં સ્વામીશ્રીએ દિલની વાતો કરી હતી કે ''શાસ્ત્રીજી મહારાજ વખતે જોગી મહારાજે ક્યારેય આગળ આવવા પ્રયત્ન કર્યો નથી. અને જોગીબાપા ગૌણ થાય એવું મારા જીવનમાં ક્યારેય મેં થવા દીધું નથી. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી એક જૂના હરિભક્ત મને કહે કે 'શાસ્ત્રીજી મહારાજે તમને સત્તા સોંપી છે, માટે ગાદી ઉપર તમારે બેસવું જોઈએ.' શાસ્ત્રીજી મહારાજે રસિકભાઈ(સેક્રેટરી)ને જાતે લખાવેલું કે 'આ નારણદા મારે ઠેકાણે છે.' પણ હું આવું કહેનારને કહી દેતો કે 'શાસ્ત્રીજી મહારાજે કહેલું છે કે, જોગી મહારાજ, તમે આને માથે હાથ મૂકો.' એટલે મારે મન જોગી મહારાજ એટલે જોગી મહારાજ. મારી સત્તા જોગી મહારાજ માટે નથી. મારી પૂજામાં કોઈ આવે તો કાઢી મૂકતો. લોકો મને ગમે તેમ કહે પણ મને તો પાકું જ હતું કે મારે જોગીબાપાના સેવક થઈને જ રહેવાનું છે. મારે સંસ્થાને છિન્નભિન્ન કરવી નહોતી. એક હરિભક્ત એક બાજુ મારા ઉપર કેસ કરવાની વાત કરે અને બીજી બાજુ કહે : 'તમે સંસ્થાના પ્રમુખ છો. દીક્ષા અને મૂર્તિપ્રતિષ્ઠાનો અધિકાર તમને છે. જોગીબાપા તે કરે છે પણ તેમને હક નથી. બધું ખોટું ગેરકાયદેસર છે.' મેં તેને કહી દીધું હતું કે 'તું ખોટી લડાવવાની વાતો રહેવા દે. શાસ્ત્રીજી મહારાજને તું જાણતો હોય તો જોગી મહારાજ વિરુદ્ધનો વિચાર જ કેમ આવે છે ?'

મેં આવું કહી દીધું એટલે તે એની મેળે બેસી ગયો. ગમે તે પ્રસંગમાં જોગીબાપાને મુખ્ય રાખીને જ કાર્ય કર્યું છે. તે મારા ઉપર જોગીબાપાની પૂરેપૂરી દયા હતી. જો હું જુદો પડ્યો હોત, તો મને કે મને વળગેલા કોઈને શાંતિ થઈ ન હોત. મેં ક્યારેય જુદું થવા દીધું નથી. આ રીતે વર્ત્યો તો અત્યારે મને શાંતિ છે. ભલે, અપમાન સહન કરવાં પડ્યાં પણ શાંતિ છે. મને ચડાવનારા મને ઊંચે ચડાવવા ઘણી વાતો કરતા, પણ મારે નોતું ચડવું તો આ બધું સરખું રહ્યું.'' જેમણે જિંદગીમાં ક્યારેય પોતાના મુખમાંથી પોતાની વાત કહી નથી, એવા સ્વામીશ્રીની આ દિલની વાતોમાં કોઈ પણ અક્ષરમાં ગુમાનની ગંધ કે પ્રશંસાની અપેક્ષા માત્રનો અણસાર સરખોય દેખાય છે ખરો ? એમને તો ચડાવનારાઓ હતા, પણ ચડ્યા નહીં. પ્રશંસાપ્રિય તો જાતે જ નિસરણી ગોઠવીને ચડી જાય ! યોગીજી મહારાજની હાજરીમાં તેઓ પછી સદ્‌ગુરુ સંતો બેસતા, પછી ચોથે કે પાંચમે સ્થાને સ્વામીશ્રી બિરાજતા. જ્યારે યોગ્યતા વગરનો પ્રશંસાપ્રિય તો પોતાની મેળે માગ કરી આગળ બેસી જાય.

યોગીજી મહારાજની હયાતીમાં સ્વામીશ્રીનો ફોટો કોઈ રાખે તો સ્વામીશ્રી જ તેને ફાડી નાંખતા. એક વાર શંકરભગત મૂર્તિવાળા સ્વામીશ્રીની મૂર્તિ વેચતા હતા તે સ્વામીશ્રી જોઈ ગયા અને મૂર્તિઓ ફાડી નાંખી અને શંકરભગતને ખૂબ ઠપકો આપી તે પ્રવૃત્તિ બંધ કરાવી દીધી. તેમને સ્વમહિમાનું સ્વપ્નેય સ્પંદન નહીં.

તા. ૧૬-૩-૧૯૯૪ના રોજ આબુમાં સ્વામીશ્રીને નોબેલ પ્રાઇઝ મળવું જોઈએ તેવી વાત નીકળી ત્યારે તે વાતને કાપી નાંખતા સ્વામીશ્રીએ તરત જ કહ્યું, 'જુઓ, મારે તો મહારાજ-સ્વામી મળ્યા તે મોટામાં મોટું નોબલ છે. બીજા કોઈ પ્રાઇઝની મારે જરૂર નથી. એનાથી વિશેષતા શું છે ? આપણે તો ભગવાન અને સંત મળ્યા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો રાજીપો મળ્યો છે એથી વિશેષ કાંઈ આ નોબલમાં છે ? આપણે સાધુતા રાખીને ભજન કરીશું તો આપોઆપ બધા આકર્ષાશે. નોબલથી આકર્ષાય એનો અરથ શું ? શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા અને તેમનો રાજીપો મળ્યો એમાં અનંત બ્રહ્માંડોનો રાજીપો મળ્યો. આ તો દુનિયાની વિશેષતા છે. દુનિયાને બતાવવાની વાત છે. આપણી મહત્વાકાંક્ષા છે.

તમે બધા થોડું સમજો. શ્રીજીમહારાજ અને સ્વામી રાજી એટલે બ્રહ્માંડ રાજી. એનાથી પ્રતિષ્ઠા વધે એ જ સાચી. બાકી દુનિયાનાં ઇનામોથી કોઈ પ્રતિષ્ઠા વધતી જ નથી. માટે એ વિચાર કરશો જ નહીં. આપણે તો ભજનભક્તિ કરીએ એ જ બરોબર છે.' તા. ૨૭-૮-૧૯૯૫ના લંડનમાં આવી વાત નીકળી ત્યારે પણ સ્વામીશ્રી બોલેલા કે 'અમને શાસ્ત્રીજી મહારાજ મળ્યા ત્યારથી શાંતિ છે. નોબેલવાળા શું શાન્તિ આપવાના છે ?!'

સ્વામીશ્રીની આ જીવનભાવનાઓમાં સહજાનંદી સાધુતાનો મહાસાગર છલકાય છે. સાધુ જેવી કોઈ મોટી પદવી નથી. યોગીજી મહારાજ ઘણી વાર સાધુઓને કહેતા કે 'બીજી ડીગ્રીઓ કરતાં આ સાધુતાની પદવી મોટી છે.' પદવીથી પોતાની શોભા વધારનારા તો ઘણા છે, પણ જેની સાધુતા આગળ લૌકિક પદવીઓ પણ ઝાંખી પડી જાય તેવા સ્વામીશ્રી છે. વળી, ગાદીથી 'શોભનારા' તો ઘણા મળે, પણ જેનાથી ગાદી શોભી ઊઠે તેવા વિરલ સંત સ્વામીશ્રી છે.

પદવીપ્રિયો પોતાની કોઈ પણ યોગ્યતા વગર પૈસા ખરચીને અને કેટલીય ભલામણો કરાવીને પદવીઓ ખરીદતા હોય છે. એને પોતાનો મોભો સમજે છે. તેમને સંબોધવા હોય તો તેમની બધી પદવીઓ સહિત સંબોધવા પડે, નહિતર તેઓ નારાજ થઈ જાય. તેઓનો લાંબોલચ બાયોડેટા તેમના પ્રવચન પૂર્વે બોલવો જ પડે, તો જ તેમને કેફ રહે.

સ્વામીશ્રીની અહંશૂન્ય જીવનભાવના આપણને ઘણી અંતર્દષ્ટિ કરાવી જાય છે.

એક વાર રામકૃષ્ણ મિશનના સદ્‌ગત પ્રમુખશ્રી રંગનાથાનંદજીએ તેમના માટે પદ્મભૂષણની પદવી માટે પ્રયત્ન કરવા ઇચ્છનાર એક ભક્તને કહી દીધેલું કે 'હું રામકૃષ્ણ મિશનનો સાધુ છું. આ સાધુ પદવીમાં કશું જ વિશેષ ઉમેરવાની જરૂર નથી.' આવું માનનાર અને તેવું જીવન જીવનાર સાધુની આગળ સન્માનો પણ શરમાઈ જાય છે.

પ્રભુલાલ દ્વિવેદીએ સાચું જ ગાયું છે કે,

*'ન પરવા માનની તોયે, બધાં સન્માન ઓછાં છે.'*

એક ગુણાનુરાગી ઉદ્યોગપતિએ કહેલું કે 'આટલી બધી સફળતાઓમાં સ્વામીશ્રીની આંખના પલકારામાં જરાય ફરક પડતો નથી. આ તેમની મોટામાં મોટી સિદ્ધિ છે.'

'ધિસ ઇઝ માય એચીવમેન્ટ'- આ મારી સિદ્ધિઓ છે એવું પોતાના કાર્યપરત્વે તેઓ કદાપિ બોલ્યા જ નથી. સફળતાની યશકલગી શ્રીજીમહારાજ અને પોતાના ગુરુને માથે લગાવે છે. અપમાન સહેવું સહેલું, પણ સન્માન જીરવવું ઘણું કઠણ છે.

આપણે આપણું સારું દેખાડવા અને બધા પોતાને વખાણે તે માટે કેટલીય ખટપટો કરીએ છીએ. એટલે જ યોગીજી મહારાજ કહેતા કે 'ખટપટી સ્વભાવ સાધુતાના માર્ગથી પાડે.'

પોતાનું સારું દેખાડવા અને પોતાની 'વાહ, વાહ' સારુ પ્રશંસાપ્રિયો વિદેશથી વસ્તુઓ મગાવે અને દેશમાં બીજાને ભેટ આપે.

વળી, અમુક વ્યક્તિ ખરાબ છે, એમ બીજાને કહે અને વળી, જેનું ખોટું બોલતો હોય તેને મસકા મારે ! પરંતુ પ્રશંસાપ્રિયને ખબર પડતી નથી કે આ વાત ગમે ત્યારે જાહેર થઈ જ જવાની છે.

કેટલાક 'મને સ્વામીશ્રીએ એકલો બોલાવીને આ વાત કરી' એમ પોતાની મહત્તા સમજી બીજાને કહેતા ફરે ! આને પ્રો. જ્હોન ડ્યુઈ 'the desire to be important' કહે છે. આવી વ્યક્તિઓ પોતાના ગુરુના પ્રસંગો વર્ણવે, પણ તેમાંય પોતે આગળ આવે એ જ એનું લક્ષ્ય હોય. સુજ્ઞ શ્રોતાઓથી આ છાનું રહેતું નથી. યોગ્યતા વગરની આગળ આવવાની વૃત્તિ હાસ્યાસ્પદ બની રહે છે. સ્વામીશ્રી કે મહાપુરુષોના નિર્માનીપણા અને તેમની પ્રશંસા માટેની અરુચિ વિષે બોલનારા કે લખનારાને પોતાને સ્વામીશ્રીનો એ જીવનઉપદેશ તેમને કામમાં આવે નહીં, એ કેવું આશ્ચર્ય ! તેને તો આ વિષયક પોતાનું લખાણ કે પ્રવચન વખણાય તેની જ આકાંક્ષા રહે છે !

એટલે જ હરિચરિત્રામૃતસાગરમાં શ્રીહરિ કહે છે કે 'પોતાને સુખ મળ્યું હોય તેવા પોતાના પ્રસંગો ન કહેવા.' તેવા બીજાના કહેવા. ગુણાતીતાનંદ સ્વામીએ ૫/૧૫૪મી વાતમાં કહ્યું છે કે 'પોતાની સમજણ કૃપાનંદ સ્વામીની જેમ છુપાડવી.' વળી, ૫/૪૦મી વાતમાં કહ્યું છે કે, 'મોટાએ દરેક તરેહથી સુખ આપ્યું હોય ને બહુ મહિમા સમજાણો હોય તોપણ જેને તેને કહેતા ફરવું નહીં ને કોઈને કહેવું હોય તો સોળ આને એક આનો કહેવું.'

કેવળ પોતાની જ પ્રશંસાના ઇચ્છુકો જુદા જુદા નુસખાઓ અપનાવે છે.